Sunday, 29 June 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૬૮ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ ચોથ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




# ભારતનો ચીનને ઝટકોઃ શ્રીલંકા સાથે ડૉકયાર્ડ ડીલની જાહેરાત, હિન્દ મહાસાગરમાં દબદબો વધશે

**મજગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ ભારતની સૌથી મોટી સંરક્ષણ શિપયાર્ડ કંપની છે : તેણે કોલંબો ડોકયાર્ડમાં ઓછામાં ઓછો ૫૧% હિસ્સો ખરીદવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા**





(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

ભારતના સંરક્ષણ ક્ષેત્રની અગ્રણી જાહેર કંપની મજગાંવ ડૉક શિપબિલ્ડર્સ લિમિટેડે (MDL) શ્રીલંકાના સૌથી મોટા શિપયાર્ડ કોલંબો ડૉકયાર્ડ પીએલસી (સીડીપીએલસી)માં નિયંત્રણ ભાગીદારી મેળવ્યાની જાહેરાત કરી છે. આ કરાર ૫૨.૯૬ મિલિયન અમેરિકન ડૉલર(લગભગ ૪૫૨ કરોડ રૂપિયા)નો છે. આ ભારતની કોઈપણ સરકારી સંરક્ષણ શિપયાર્ડ કંપની દ્વારા કરવામાં આવેલું પહેલું આંતરરાષ્ટ્રીય અધિગ્રહણ હશે અને તેના દ્વારા ભારતને હિન્દ મહાસાગર વિસ્તારમાં એક વ્યૂહાત્મક હાજરી મળશે. આ કરાર એવા સમયે થયો છે જ્યારે ચીનની સૈન્ય અને આર્થિક ઘૂસણખોરી શ્રીલંકા સહિત આખા હિન્દ મહાસાગર વિસ્તારમાં ભારત માટે ચિંતાનો વિષય બનેલી છે.

મજગાંવ ડૉક શિપબિલ્ડર્સ લિમિટેડ ભારતની સૌથી મોટી સંરક્ષણ શિપયાર્ડ કંપની છે. તેણે કોલંબો ડૉકયાર્ડમાં ઓછામાં ઓછો ૫૧% હિસ્સો ખરીદવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ અધિગ્રહણ પ્રાથમિક મૂડી રોકાણ અને ગૌણ શેર ખરીદીના સંયોજન દ્વારા કરવામાં આવશે, જેમાં જાપાનની ઓનોમિચી ડૉકયાર્ડ કંપની લિમિટેડ પાસેથી શેર ખરીદવાનો સમાવેશ થાય છે, જે હાલમાં CDPLCની મોટી શેરધારક છે. આ કરાર નિયમનકારી મંજૂરીઓ અને અન્ય સામાન્ય શરતોને આધીન છે અને ચાર થી છ મહિનામાં પૂર્ણ થવાની અપેક્ષા છે. સોદો પૂર્ણ થયા પછી, કોલંબો ડૉકયાર્ડ ભારતની MDLની પેટા કંપની બનશે.

MDLના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કેપ્ટન જગમોહને જણાવ્યું હતું કે, "CDPLCમાં નિયંત્રિત ભાગીદારીને પ્રસ્તાવિત સંપાદન આપણા શિપયાર્ડને પ્રાદેશિક દરિયાઈ શક્તિ અને લાંબા ગાળે વૈશ્વિક શિપબિલ્ડિંગ કંપનીમાં બદલવાની દિશામાં એક ગેટવે બનશે. કોલંબો બંદર પર CDPLCનું વ્યૂહાત્મક સ્થાન, તેની સિદ્ધ ક્ષમતાઓ અને પ્રાદેશિક હાજરી MDLને દક્ષિણ એશિયામાં એક મહત્ત્વપૂર્ણ ખેલાડી તરીકે સ્થાપિત કરશે." CDPLC પાસે જહાજ નિર્માણ, સમારકામ અને ભારે એન્જિનિયરિંગનો ૫૦ વર્ષથી વધુ વર્ષોનો અનુભવ છે. કંપનીએ જાપાન, નોર્વે, ફ્રાન્સ, UAE, ભારત અને ઘણા આફ્રિકન દેશો માટે જટિલ ઑફશોર સપોર્ટ જહાજો, કેબલ-લેઈંગ જહાજો, ટેક્કર અને પેટ્રોલ બોટ બનાવી છે. CDPLC હાલમાં લગભગ ૩૦૦ મિલિયન ડૉલરના પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે, જેમાં કેબલ-લેઈંગ જહાજો, મલ્ટીપર્પઝ યુટિલિટી શીપ અને ફ્લીટ સપોર્ટ વેસલ્સનો સમાવેશ થાય છે. સ્ફન્ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, MDLના ટેકનિકલ સપોર્ટ, ભારતીય સપ્લાય ચેઈન સુધી પહોંચ અને ભારતીય તેમજ મિત્ર દેશોના દરિયાઈ બજારોમાં પ્રવેશ સાથે, CDPLC હવે નાણાંકીય પુનરુત્થાન અને લાંબા ગાળાના વિકાસ માટે તૈયાર છે.

# દાદરા નગર હવેલીમાં બે ઈંચથી વધુ વરસાદઃ ખેડૂતોએ ડાંગર રોપણીની તૈયારીઓ શરૂ કરી






(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૨૮**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાવા પામ્યો છે. સારા વરસાદને કારણે ખેડૂતો ડાંગરની રોપણી કરવાની તૈયારી શરુ કરી દીધી છે. સેલવાસમાં ૫૮.૪ એમએમ એટલે કે બે ઈંચથી વધુ અને ખાનવેલમાં ૧૭.૫ એમએમ ૦.૬૯ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે દાદરા નગર હવેલીના સેલવાસમાં સિઝનનો કુલ વરસાદ ૯૮૭.૧ એમએમ (૩૮.૮૬ ઈંચ) અને ખાનવેલમાં ૧૦૧૫.૫એમએમ (૩૯.૯૮ ઈંચ) નોંધાયો છે. મધુબન ડેમનુ લેવલ ૭૦.૩૦મીટર છે, ડેમમા પાણીની આવક ૨૫૩૦૩ ક્યુસેક છે અને પાણીની જાવક ૧૩૧૮૧ ક્યુસેક છે.

અથાલ બ્રિજ નજીક લેવલ ૨૫.૮ મીટર છે.

# ઈન્ટરનેશનલ સ્પેસ સેન્ટરમાંથી શુભાંશુ શુક્લાએ ધરતી પર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે વાત કરી






(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

ભારત માટે ગર્વની ક્ષણ ત્યારે આવી જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સાથે જોડાયેલા એક ઐતિહાસિક સંવાદમાં ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્શન શુભાંશુ શુક્લા સાથે ડાયરેક્ટ સંવાદ કર્યો. શુક્લા હાલમાં અંતરિક્ષમાં આવેલા ISS પર છે અને ત્યાં ભારતની હાજરીનું પ્રતીક બનીને દેશનું નામ રોશન કરી રહ્યા છે.

આ વાતચીત ભારત માટે ખાસ હતી, કારણ કે શુભાંશુ છેલ્લા ૪૦ વર્ષોમાં અંતરિક્ષમાં જનારા પહેલા ભારતીય બની ગયા છે. શુભાંશુ શુક્લા, ત્રણ અન્ય અંતરિક્ષ યાત્રીઓ સાથે ૨૫ જૂને નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી સ્પેસઠના ડ્રેગન કેપ્સૂલમાં બેસીને ISS પહોંચ્યા. તેઓ Axiom-4 મિશનનો ભાગ છે. પ્રધાનમંત્રી કાર્યાલયે આ વાતચીતની એક તસવીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે. ફોટોમાં પીએમ મોદી અને શુભાંશુ વીડિયો કોલ પર વાત કરતા દેખાઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ ક્ષણ ભારત માટે ગર્વની છે. તેમણે શુભાંશુને પૂછ્યું કે, તેમને અંતરિક્ષમાં કેવું લાગી રહ્યું છે અને શું અનુભવે છે. શુભાંશુએ જણાવ્યું કે, અંતરિક્ષથી ધરતીને જોવાનો એક અલગ જ અનુભવ છે. ત્યાંથી ભારતને જોવું બહુ જ ગર્વની વાત છે.

શુભાંશુ શુક્લા ૧૯૮૪માં ગયેલા રાકેશ શર્મા બાદ અંતરિક્ષમાં જનારા પહેલા ભારતીય છે. તેમની આ સફર ભારત માટે બહુ મોટી સફળતા માનવામાં આવે છે.

# ભારતની ઈન્ટેલિજન્સ એજન્સી ‘રૉ’ના નવા પ્રમુખ બન્યાં પરાગ જૈન






(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

ભારતીય ગુપ્ત એજન્સી રૉના નવા બૉસ મળી ગયા છે. રિસર્ત એનલિસિસ વિંગ (રૉ)ના નવા ચીફ પરાગ જૈનને બનાવવામાં આવ્યા છે. પરાગ જૈન પંજાબ કેડરના ૧૮૮૯ બેચના IPS ઓફિસર છે.

રૉ ચીફ તરીકે તેમનો કાર્યકાળ બે વર્ષનો હશે. તે રવિ સિન્હાની જગ્યા લેશે, જેનો કાર્યકાળ ૩૦ જૂને પૂરો થઈ રહ્યો છે. પરાગ જૈન હાલ એવિએશન રિસર્ચ સેન્ટરનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે પાકિસ્તાનના મામલે નિષ્ણાત માનવામાં આવે છે.

એવિએશન રિસર્ચ સેન્ટરે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાની સશસ્ત્ર દળો સામે ગુપ્ત જાણકારી એકઠી કરી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જૈન પહેલાં ચંડીગઢના એસએસપી રહી ચુક્યા છે અને કેનેડા તેમજ શ્રીલંકામાં પણ ભારતીય પ્રતિનિધિના રૂપે પણ સેવાઓ આપી ચુક્યા છે. પરાગ જૈનને જમ્મુ-કાશ્મીરમાં પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. તેમણે સંઘર્ષગ્રસ્ત કેન્દ્ર શાસિત પ્રદેશમાં આતંકવાદ વિરોધી વ્યૂહનીતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સોમવારે (૩૦ જૂન) તેમણે પોતાનો પદ સંભાળશે.

રૉની સ્થાપના ૨૧ સપ્ટેમ્બર ૧૯૬૮ના દિવસે થઈ હતી. આ સંસ્થાના પહેલા ચીફ આર.એન કાવ હતા. રૉનું સૌથી મુખ્ય કામ એ જાણકારી મેળવવાનું હોય છે કે, ભારત સામે વિદેશમાં કોઈ કાવતરૂ તો નથી ઘડવામાં આવી રહ્યું ને? આ સિવાય તે ગુપ્ત મિશનને અંજામ આપે છે. રૉના પ્રભારી ખુદ વડાપ્રધાન હોય છે. રૉ ચીફ પોતાનો ડેઈલી રિપોર્ટ સિક્યોરિટી એડવાઈઝરને આપે છે.






## સુવિચાર - સદ્‌વિચાર

*વિચારો કેટલા આવે છે. એ મહત્વનું નથી પણ વિચારો કેવા આવે છે એ બહુ જ મહત્વનું છે.*

## કવિતા

### તને ખોટું જો લાગે તો હું શું કરું?

તને ખોટું જો લાગે તો હું શું કરું?
મને આછકલું અડવાની ટેવ.

હું તો ઝાકળને અડકું, વાદળને અડકું, અડકું છું પડતા વરસાદને;
મને ઝરણાંનાં પાણી દે અમથાં જો કોલ હું પળમાં ઝબોળી લઉં જાતને.
તને ભીનું ન લાગે તો હું શું કરું?
મને કોરુંકટ રડવાની ટેવ.

રંગબેરંગી પતંગિયાંની સાથે રહીને કદી ઉડવાની કલ્પના કરી છે?
ઢાળ ઊતરતી કેડી પર રહીને અડોઅડ, સરકવાની કલ્પના કરી છે?
તને ઓસરતાં મોજાંથી લાગે છે ડર
મને ઊછળતા દરિયાની ટેવ.

હળવેથી અળગી થઈ તારાથી આજ, જરી મારામાં જાતને પરોવી તો જો;
અલ્લડ હવાની જેમ વહેતી રહીને, ચાર ભીંતોથી આગળ તું નીકળી તો જો.
તારે કહેવી હો હા ને તોય તું શું કરે
તને ના રે ના કરવાની ટેવ.

- હિતેન આનંદપરા

## આજની જોક

એક ગણિતશાસ્ત્રીએ સવાલ કર્યો..
5ની વચ્ચે 4 કેવી રીતે લખવું?
ચીનના માણસે જવાબ આપ્યો : શું મજાક છે?
તો જાપાની માણસે કહ્યું અશક્ય
અમેરીકન માણસે કહ્યું : પ્રશ્ન જ ખોટો છે.
બ્રિટીશ માણસ નસકોરા માર્યો: બકવાસ છે.
ગુજરાતીએ લખ્યું : F(IV)E
બધા આશ્ચર્યમાં

## કબીર વાણી

**બલીહારી ગુરુ આપનો, ઘડી ઘડી સો બાર**
**માનુષ સે દૈવત કિયો, ઘડી ન લાગી બાર.**

**: અર્થાત :**

કબીર કહે છે કે ગુરુનો મહિમા અનંત છે અને ગુરુનો મહિમા શબ્દોમાં વર્ણવી શકાતો નથી. ગુરુએ મારા મનમાંથી અજ્ઞાનનો અંધકાર દૂર કર્યો છે અને જ્ઞાનનો દીવો પ્રગટાવ્યો છે. જ્ઞાનના આ દીવાને પ્રગટાવવાથી, મને ભગવાન સુધી પહોંચવાનો માર્ગ દેખાયો છે. એટલે કે, ગુરુએ મને ભગવાન સુધી પહોંચવાનો અને તેમને સમજવાનો માર્ગ બતાવ્યો છે, હું વારંવાર મારી જાતને એવા ગુરુને સમર્પિત કરું છું જેમણે મને એક સામાન્ય માનવીમાંથી ભગવાન બનાવ્યો છે.

## આજનો દિન વિશેષ

### પી.સી. મહાલનોબિસની જન્મજયંતિ

પ્રશાંત ચંદ્ર મહાલનોબિસનો જન્મ ૨૯ જૂન, ૧૮૯૩ના રોજ કોલકાતામાં થયો હતો. સુધારણાવાદીઓ અને બૌદ્ધિકોના પરિવારમાં તેઓનો જન્મ થયો હતો. તેમના દાદા ગુરચરણ દવાની દુકાન ચલાવતા હતા. તેમના પિતાનું નામ પ્રબોધચંદ્ર મહાલનોબિસ



હતું. તેમની ગણના એ વખતે બંગાળના ધનવાન લોકોમાં થતી હતી. તેમની માતા નિર્દોબુસિની પણ બંગાળના સાહિત્યિક વર્ગ સાથે સંકળાયેલી હતી. તેમના જીવન ઘડતરમાં કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોરનો બહુ મોટો ફાળો હતો. તેમણે પ્રારંભિક શિક્ષણ શાંતિનિકેતનમાં જ લીધું હતું. તેમને આંકડાશાસ્ત્રમાં રસ લેતા કરનાર તેમના પ્રોફેસર બ્રિજેન્દ્રનાથ સીલ હતા. તેમણે તેમની રુચિ જોઈને તેમને આંકડાશાસ્ત્રમાં વધુ અભ્યાસ કરવાની પ્રેરણા આપી હતી. ૧૯૧૩ના વર્ષમાં ગણિત અને ભૌતિકશાસ્ત્રના વધુ અભ્યાસ માટે તેઓ ઈંગ્લેન્ડ ગયા હતા. જ્યાં તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની ઉપાધિ મેળવી હતી. ૧૯૧૫માં અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઈંગ્લેન્ડની સારી તક છોડીને પણ પ્રશાંત ચંદ્ર મહાલનોબિસ ભારત પરત આવી ગયા હતા અને કલકત્તા પ્રેસિડેન્સી કોલેજમાં વ્યાખ્યાતા તરીકે કારકિર્દી આરંભી હતી. એ દરમિયાન જ તેમણે આંકડાશાસ્ત્રમાં ગહન અભ્યાસ કર્યો હતો. તેઓ તેમના ત્રણ પ્રદાન માટે જગતભરમાં જાણીતા બન્યા હતા, ‘મહાલનોબિસ દુરત્વ’, ‘વિશાળ પાયા પર થયેલા મહાલનોબિસ સેમ્પલ સર્વે’ અને ‘નમૂનાનું પરીક્ષણ તથા તેમનો સિદ્ધાંત અને વ્યવહાર’ એવા નામે તેમણે આંકડાશાસ્ત્રમાં કરેલું કામ આજેય વિશ્વભરનાં આંકડાશાસ્ત્રનાં પુસ્તકોમાં સ્થાન પામે છે. તેમણે પ્રેમાથા નાથ બેનર્જી, નિખિલ રંજન સેન અને આરએન મુખર્જી સાથે મળીને ૧૭ ડિસેમ્બર, ૧૯૩૧માં ‘ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટેટિસ્ટિક્સ’ની સ્થાપના કરી. ‘ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટેટિસ્ટિક્સ’ની રચના કરવામાં આવી ત્યારે તેમને તેના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા હતા. તેમને પંચવર્ષિય યોજના માટે તૈયાર કરેલ ડ્રાફટને કારણે પણ ઓળખવામાં આવે છે. ૧૯૪૯નાં મંત્રીમંડળમાં આંકડાશાસ્ત્રીય સલાહકાર બન્યાં. તેમણે ઉદ્યોગોની ઉત્પાદન ક્ષમતા વધારવા તથા બેરોજગારી ખતમ કરવાના સરકારનાં મુખ્ય ઉદ્દેશ્યને પૂર્ણ કરવાની યોજનાનું મોડેલ તૈયાર કર્યું. તેમણે અંતરની જાણકારી પ્રાપ્ત કરવામાં મહારથ હાંસલ કરેલ હતી. પ્રશાંતચન્દ્ર મહાલનોબિસ સેંપલ સર્વેનો કન્સેપ્ટ લાવ્યા હતાં. જેના આધારે આજે મોટી મોટી યોજનાઓ બનાવવામાં આવે છે. ઈ.સ.૧૯૬૮માં તેમને પદ્મ વિભૂષણ આપી સન્માનિત કરાયા હતા. આંકડાશાસ્ત્ર અને ગણિતમાં મહામૂલું પ્રદાન કરીને ભારતને જ નહીં પણ દુનિયાને સમૃદ્ધ વારસો આપનારા પ્રશાંતજીનું નિધન ૨૮ જૂન, ૧૯૭૨માં કોલકાતા ખાતે થયું હતું. તેમને ભારતીય આંકડાશાસ્ત્રના પિતામહ કહીને તેમનું સન્માન કરવામાં આવે છે. ઈ.સ.૧૯૯૩માં ભારત સરકારના પોસ્ટ વિભાગ દ્વારા તેમના માનમાં એક પોસ્ટલ સ્ટેમ્પ બહાર પાડવામાં આવ્યું હતું. ભારત સરકારે ૨૦૦૬માં તેમનો જન્મદિવસ, ૨૯ જૂન, રાષ્ટ્રીય આંકડા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું. ૨૯ જૂન ૨૦૧૮ ના રોજ તેમની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે, ભારતીય ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ કોલકાતાના આઈએસઆઈ ખાતે એક કાર્યક્રમમાં એક સ્મરણાત્મક સિક્કો બહાર પાડ્યો હતો.

---

### ૩૦૦ મુસાફરોના જીવ પડીકે બંધાયા, ૭ બીમાર

# મુંબઈ આવતા ડ્રીમલાઈનર વિમાનમાં ખામી સર્જાઈ

**ડિપ્રેસરાઇઝેશન એટલે કે હવામાં દબાણ ઓછું થયાની સમસ્યા સર્જાતા મુંબઈમાં ઇમરજન્સી લેન્ડિંગ કરાયું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૮**

એડિસ અબાબાથી મુંબઈ આવતી ઈથોપિયન એરલાઈન્સની ફ્લાઈટ (બોઈંગ ૭૮૭ ડ્રીમલાઇનર) માં ડિપ્રેસરાઈઝેશન એટલે કે હવામાં દબાણ ઓછું થયાની સમસ્યા સર્જાતા શુક્રવારે રાત્રે ૧:૪૨ વાગ્યે મુંબઈમાં તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, લેન્ડિંગ બાદ ૭ મુસાફરોમાં ડિકમ્પ્રેશન સંબંધિત લક્ષણો જોવા મળ્યા હતા. જેમાં એરપોર્ટ મેડિકલ ટીમે તપાસ બાદ એરપોર્ટ પર જ તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. તેમાં છતાં એકને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી.

મિડ-એર ડિપ્રેશન એક એવી સ્થિતિ છે કે જેમાં વિમાનના કેબિનમાં હવાનું પ્રેશર અચાનક ઘટી જાય છે. આ સામાન્ય રીતે ટેકનિકલ ખામીને કારણે થાય છે. હવાનું પ્રેશર અચાનક ઘટી જવાથી મુસાફરોને શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર આવવા અથવા અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે. તાજેતરમાં ૨૩ જૂનના રોજ પણ એર ઈન્ડિયા હીથ્રો-મુંબઈ ફ્લાઈટ દરમિયાન ૬ ક્રૂ મેમ્બર્સ સહિત ૧૧ મુસાફરોને ચક્કર આવવા અને ઉબકા આવવાના અનુભવ થયાના થોડા દિવસો પછી આ ઘટના બની છે. બીમારીના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

રિપોર્ટ અનુસાર, ફ્લાઈટ નંબર ઈ૬૪૦ માં ૩૦૦ મુસાફરો અને ૧૧ ક્રૂ મેમ્બર્સ સવાર હતા. આ ફ્લાઈટે ઈથોપિયાની રાજધાની એડિસ અબાબાથી મુંબઈ માટે ઉડાન ભરી હતી. આ ઘટના ત્યારે બની જ્યારે વિમાન અરબી સમુદ્ર ઉપર ઉડી રહ્યું હતું અને ૩૩,૦૦૦ ફૂટની ઊંચાઈ પર હતું ત્યારે કેબિનમાં ડિપ્રેસરાઈઝેશનની સમસ્યા સર્જાઈ હતી. આથી, પાયલટએ તરત જ વિમાનને નીચી ઊંચાઈ પર લાવવા માટે રેપિડ ડિસેન્ટ કર્યું હતું.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે બોઈંગ ૭૮૭ ડ્રીમલાઇનર વિમાનની સલામતી અંગે પહેલાથી જ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

તાજેતરમાં, અમદાવાદથી લંડન જતી વખતે એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ફ્લાઈટ ટેકઓફના ૩૬ સેકન્ડ પછી ક્રેશ થયુ હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર ૨૪૧ લોકોના મોત થયા હતા. આ અકસ્માત પછી, બોઈંગ ૭૮૭ વિમાનની સલામતી અને જાળવણી પ્રક્રિયાઓ પર વૈશ્વિક સ્તરે તપાસ તેજ થઈ ગઈ છે.

---

### સોનમ અને રાજ ડ્રગ્સના બંધાણી!

# રાજા રઘુવંશી હત્યાકાંડમાં નવો વળાંક, ભાઈ વિપિને પોલ ખોલી

**હવે રાજા રઘુવંશીના ભાઈએ દાવો કર્યો છે કે સોનમ અને તેનો બોયફ્રેન્ડ રાજ કુશવાહા ડ્રગ્સ લેતા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈન્દોર, તા.૨૮**

રાજા રઘુવંશી હત્યાકાંડ બહુચર્ચિત કેસમાં હવે એવો દાવો કરવામાં આવ્યો છે કે સોનમ અને રાજ કુશવાહા ડ્રગ્સનું વ્યસન છે. આ દાવો બીજા કોઈએ નહીં પણ રાજાના મોટા ભાઈ વિપિને કર્યો છે. વિપિને કહ્યું કે રાજાના હત્યા કેસના આરોપી આનંદ અને આકાશે પોતાના નિવેદનો ફેરવી નાખ્યા છે. એવી શક્યતા છે કે રાજ અને સોનમ પણ પોતાના નિવેદનો ફેરવી નાખશે.

રાજાના ભાઈ વિપિન રઘુવંશીએ કહ્યું કે તેથી જ અમે શરૂઆતથી જ બંનેના નાર્કો ટેસ્ટની માંગણી કરી રહ્યા છીએ. રાજાના ભાઈ વિપિન રઘુવંશીએ મીડિયા સાથેની વાતચીતમાં દાવો કર્યો હતો કે સોનમ અને રાજ બંને ડ્રગ્સનું સેવન કરતા હતા, અને આ તેમની ગુનાહિત પ્રવૃત્તિઓનું એક મોટું કારણ હોઈ શકે છે.

વિપિને કહ્યું કે રાજા સાથે દગો કરવામાં આવ્યો છે. સોનમ અને રાજ ફક્ત વ્યક્તિગત રીતે નજીકના જ નહોતા, પરંતુ વ્યસનમાં એકબીજાના ભાગીદાર પણ હતા.

વિપિને કહ્યું રાજ ડ્રગ્સ લેતો હતો અને સોનમે તેની સાથે ડ્રગ્સ પણ લેવાનું શરૂ કર્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે કેસમાં ધરપકડ કરાયેલા આરોપી આનંદ અને આકાશે પહેલા પોતાના નિવેદનો આપ્યા હતા, પરંતુ હવે તેઓ પાછા ફર્યા છે. વિપિનને ડર હતો કે રાજ અને સોનમ પણ પોતાના નિવેદનોથી પાછા ફરી શકે છે, જેના કારણે કેસમાં સત્ય દબાઈ શકે છે. આ આધારે, રાજાનો પરિવાર સતત આરોપીઓના નાર્કો ટેસ્ટની માંગણી કરી રહ્યો છે.

રાજાના ભાઈ વિપિને કહ્યું કે જો નાર્કો ટેસ્ટ કરવામાં આવે તો આરોપીઓ પોતાના નિવેદનોથી પાછા ફરી શકશે નહીં અને સત્ય બહાર આવશે. પોલીસે થર્ડ ડિગ્રીનો ઉપયોગ કરવો જોઈએ અને આરોપીઓની કડક પૂછપરછ કરવી જોઈએ જેથી હત્યાનું સાચું કાવતરું બહાર આવી શકે.

રાજા રઘુવંશી હત્યા કેસમાં અત્યાર સુધીમાં ૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં સોનમ રઘુવંશી, રાજ કુશવાહા, વિશાલ ચૌહાણ, આકાશ રાજપૂત, આનંદ કુર્મી, ફ્લેટના માલિક, ચોકીદાર અને દલાલનો સમાવેશ થાય છે. પોલીસ તપાસ હાલમાં ચાલી રહી છે અને રાજાના પરિવારનો દાવો છે કે સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા માટે સંપૂર્ણ અને ન્યાયી તપાસ જરૂરી છે. પરિવાર એમ પણ કહે છે કે જ્યાં સુધી રાજાને સંપૂર્ણ ન્યાય ન મળે ત્યાં સુધી તેઓ ચૂપ નહીં બેસે.

---

### સપ્તાહના ૬ દિવસ આખો દિવસ ફરજ બજાવશે

# કેન્દ્રીયમંત્રી હવે ભાજપ કાર્યાલયમાં બજાવશે ફરજ

**તેનો હેતુ પાર્ટી કાર્યકરો સાથે સીધો સંવાદ સ્થાપવાનો અને સરકાર તથા સંગઠન વચ્ચે તાલમેળને મજબૂત કરવાનો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

ભારતીય જનતા પાર્ટીએ સંગઠન અને સરકાર વચ્ચે સંવાદને વધુ સારો બનાવવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. હવે મોદી સરકારના રાજ્યકક્ષાના મંત્રી દર અઠવાડિયે સોમવારથી શનિવાર સુધી પાર્ટીના હેડક્વાર્ટરમાં આખો દિવસ હાજર રહેશે. તેનો હેતુ પાર્ટી કાર્યકરો સાથે સીધો સંવાદ સ્થાપવાનો અને સરકાર તથા સંગઠન વચ્ચે તાલમેળને મજબૂત કરવાનો છે.

રિપોર્ટ મુજબ નવા ફોર્મેટ પ્રમાણે દરરોજ સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી કોઈને કોઈ રાજ્યકક્ષાના મંત્રી ભાજપ હેડક્વાર્ટરમાં ડ્યૂટી પર રહેશે.

આ મંત્રીજી પાર્ટી નેતાઓ અને કાર્યકરો સાથે મળીને કામ કરશે, સૂચનો આપશે, સમસ્યાઓ ઉકેલશે અને તત્કાળ સમાધાનની કોશિશ કરશે.

પહેલા પણ કેટલાક કેન્દ્રીયમંત્રી સાંજના સમયે ભાજપના હેડક્વાર્ટરમાં કાર્યકરોને મળતા હતા. પરંતુ હવે આ પ્રક્રિયાને વધુ સારી રીતે અને આખા દિવસવાળું ફોર્મેટ બનાવી દીધુ છે. જેનાથી સંવાદ વધુ સારી રીતે થઈ શકે.

અત્રે જણાવવાનું કે, હાલ ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષનો મુદ્દો ચર્ચામાં છે. એ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે જે પી નડ્ડા બાદ હવે કોણ રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે. વર્તમાન જે પી નડ્ડાનો કાર્યકાળ જૂન ૨૦૨૩માં જ પૂરો થઈ ગયો હતો. પરંતુ સંગઠનાત્મક મજબૂરીઓ અને રાજકીય સમીકરણોના પગલે લંબાવવામાં આવ્યો. આ વિસ્તારને પણ બે વર્ષ પૂરા થઈ ગયા.

---

### સામૂહિક દુષ્કર્મ કેસના મેડિકલ રિપોર્ટમાં ખુલાસા

# બળજબરીથી સંબંધ બાંધ્યા, શરીર પર બચકાં ભર્યાના નિશાન મળ્યા

**મુખ્ય આરોપી, જે કોલેજનો ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પ્રેક્ટિસ કરતો ફોજદારી વકીલ છે, તેણે પીડિતા સાથે દુષ્કર્મ કર્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કોલકાતા, તા.૨૮**

દક્ષિણ કોલકાતા લૉ કોલેજમાં ૨૪ વર્ષીય વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ કર્યાની ઘટના સામે આવી છે. પીડિતાએ આરોપ લગાવ્યો છે કે ૨૫ જૂનના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મનોજિત મિશ્રા અને બે વરિષ્ઠ વિદ્યાર્થીઓ દ્વારા તેના સાથે સામૂહિક દુષ્કર્મ કર્યું છે. ગુરુવારે આ ત્રણેય આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને પીડિતાની તબીબી તપાસ કરવામાં આવી હતી.

આ મામલે પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, મેડિકલ રિપોર્ટમાં બળજબરીથી સંબંધ બાંધ્યાના, શરીર પર બચકાં ભરવાના નિશાન અને નખ માર્યા હોવાના પુરાવા મળ્યા છે. મુખ્ય આરોપી, જે કોલેજનો ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પ્રેક્ટિસ કરતો ફોજદારી વકીલ છે, તેણે પીડિતા સાથે દુષ્કર્મ કર્યું, જ્યારે અન્ય બે રૂમની બહાર ચોકી કરી રહ્યા હતા.

મુખ્ય સરકારી વકીલ સોરીન ઘોષાલે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ, જો સામૂહિક દુષ્કર્મમાં એક વ્યક્તિ દુષ્કર્મ કરે છે, પરંતુ અન્ય લોકો તેને મદદ કરે છે અથવા તેની સાથે સમાન ઈરાદા ધરાવે છે, તો તેઓ સમાન રીતે દોષિત છે. તેથી, આ સામૂહિક દુષ્કર્મનો કેસ છે અને આ કેસમાં ત્રણેય આરોપી છે.

કોલેજ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, મુખ્ય આરોપીને તાજેતરમાં જ કોલેજમાં ૪૫ દિવસના કરાર પર કામચલાઉ બિન-શિક્ષણ સ્ટાફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. મુખ્ય આરોપીના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી જાણવા મળ્યું હતું કે તે કોલેજના તૃણમૂલ કોંગ્રેસ છાત્ર પરિષદ યુનિટનો ભૂતપૂર્વ પ્રમુખ અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના વિદ્યાર્થી સંગઠનની દક્ષિણ કોલકાતા શાખાનો સંગઠન સચિવ છે. જોકે, તૃણમૂલ કોંગ્રેસે આરોપી સાથે કોઈ સંબંધ હોવાનો ઈનકાર કર્યો છે અને દોષિત ઠરવા પર આરોપીને કઠોર સજા આપવાની હિમાયત કરી છે. પોલીસે જણાવ્યું હતું કે કથિત ગુનો અને ઉત્પીડન ૨૫ જૂનની સાંજે કોલેજના ગ્રાઉન્ડ ફ્લોર પર વિદ્યાર્થી સંઘ કાર્યાલય પાસેના ગાર્ડના રૂમમાં થયું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, પીડિતાને બુધવારે ક્લાસ પછી વિદ્યાર્થી સંઘ કાર્યાલયની બાજુમાં સ્થિત ગાર્ડના રૂમમાં ત્રણ કલાકથી વધુ સમય સુધી ત્રાસ આપવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પીડિતા બપોરે ફોર્મ ભરવા માટે કોલેજ પહોંચી હતી. ગુરુવારે કસ્બા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, જ્યારે પીડિતાએ મુખ્ય આરોપીના લગ્ન પ્રસ્તાવને નકારી કાઢ્યો, ત્યારે ત્રણેયે તેના પર હુમલો કર્યો હતો.

આ ઘટના સાંજે ૭.૩૦ થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી ત્રણ કલાકથી વધુ સમય સુધી ચાલી હોવાનું કહેવાય છે. પીડિતાએ પોલીસને જણાવ્યું હતું કે હુમલા દરમિયાન તેનો એક વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો અને આ ઘટના અંગે જો કોઈને વાત કરશે તો વીડિયો વાઈરલ કરવાની ધમકી આપવામાં આવી હતી.

---

# ૪૯ વર્ષના પતિએ પત્નીની હત્યા કરી, ૨૨ વર્ષ સુધી પોલીસને નચાવતો રહ્યો : ૭૨ વર્ષે પોલીસની ઝપટે ચડી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેંગલુરુ, તા.૨૮**

કર્ણાટકની રાજધાની બેંગલુરુ, ૭૨ વર્ષીય વ્યક્તિ અને દીકરાની લાશ... આ મામલો વર્ષ ૨૦૦૨નો છે. જ્યારે એક માણસ હનુમંતપ્પા પોતાની ત્રીજી પત્નીની હત્યા કરી લાશને એક બોરામાં ભરીને એક બસમાં મૂકી દીધી હતી. પછી ૨૨ વર્ષ સુધી કર્ણાટકમાં ગુમનામ જિંદગી જીવતો રહ્યો. આ કિસ્સો ૨૦૦૨માં કર્ણાટકના કોપ્પલ જિલ્લાનો છે. હનુમંતપ્પા, જે તે સમયે ૪૯ વર્ષનો હતો. તેણે પોતાની ત્રીજી પત્ની રેણુકમ્માની પહેલા તો હત્યા કરી, હત્યા બાદ તેની લાશને એક કોથળામાં ભરી અને પછી તેને એક બસમાં મૂકીને ભાગી ગયો.

જ્યારે બસમાં કોથળામાંથી લાશ મળી, તો આખા વિસ્તારમાં હાહાકાર મચી ગયો. લાશને પડોશી બલ્લારી જિલ્લામાંથી જપ્ત કરવામાં આવી. આ મામલો લાંબા સમયથી ચર્ચામાં રહ્યો. ગંગાવતી ટાઉન પોલીસ સ્ટેશનમાં હત્યાનો મામલો નોંધાયો અને પોલીસે આરોપીને શોધવા માટે ઠેર ઠેર દરોડા પાડ્યા. પણ હનુમંતપ્પા એટલી ચાલાકીથી છુપાયો કે પોલીસને કોઈ કડી મળી જ નહીં.

હનુમંતપ્પા, રાયચૂર જિલ્લાના મનવી તાલુકાના હલાધલ ગામનો રહેવાસી છે. તે બદરલી સ્વાસ્થ્ય કેન્દ્રમાં જૂનિયર સ્વાસ્થ્ય સહાયક તરીકે કામ કરતો હતો. તેની ઉંમર હવે ૭૫ વર્ષ થઈ ચૂકી છે. પણ ગુનાના સમયે તે ૪૯ વર્ષનો હતો.

હનુમંતપ્પાએ પોતાની પત્નીની હત્યા બાદ ખુદને કાયદાની પહોંચથી દૂર રાખ્યો અને કર્ણાટકના અલગ અલગ ભાગમાં છુપાતો રહ્યો. આ દરમિયાન તેનો કોઈ પત્તો મળ્યો નહીં, કે જેથી પોલીસ તેના સુધી પહોંચી શકે.

હનુમંતપ્પાની ધરપકડ માટે પોલીસે કેટલાય વર્ષ સુધી મહેનત કરી, મોટા પાયે દરોડા પાડ્યા. કેટલીય ટીમો બનાવી, પણ દરેક વખતે પોલીસને ખો આપી નીકળી જતો. તેણે ન તો રાજ્ય છોડ્યું કે ન દેશ. પણ કર્ણાટકની અંદર જ અલગ અલગ ભાગમાં ગુમનામ જિંદગી જીવતો રહ્યો. હાલમાં પોલીસને સૂચના મળી હતી કે હનુમંતપ્પા પોતાના ગામ હલાધલ પરત આવ્યો છે. આ સૂચનાના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને તેને ૨૩ વર્ષ બાદ પકડી લીધો.

આપને જણાવી દઈએ કે, આ મામલો કર્ણાટકના ત્રણ જિલ્લા કોપ્પલ, બલ્લારી અને રાયચૂર સાથે જોડાયેલો છે. હત્યા કોપ્પલ જિલ્લામાં થઈ, લાશ બલ્લારી જિલ્લામાંથી મળી અને આરોપીની ધરપકડ રાયચૂર જિલ્લામાંથી થઈ. હવે પોલીસને પ્રાથમિક તપાસથી જાણવા મળ્યું કે, હનુમંતપ્પાએ કર્ણાટકના વિવિધ ભાગમાં છુપાઈને જિંદગી વિતાવી. આ મામલાની ગંભીરતા જોતા પોલીસે પૂછપરછ શરૂ કરી. હનુમંતપ્પાને ટૂંક સમયમાં કોર્ટમાં રજૂ કરવામાં આવશે, જ્યાં તેના વિરુદ્ધ આગળની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

---

### પાકિસ્તાનના રક્ષા મંત્રીનું નિવેદન

# ભારતના એર ડિફેન્સની ખુફિયા જાણકારી PAK ને આપતું હતું ચીન

**યુદ્ધ દરમિયાન ચીને ભારતની હવાઈ સંરક્ષણ પ્રણાલી સંબંધિત માહિતી પાકિસ્તાન સાથે શેર કરી : ખ્વાજા આસિફ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૨૮**

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે એક મોટો ખુલાસો કર્યો છે. ખ્વાજા આસિફે સ્વીકાર્યું છે કે ભારત સાથેના યુદ્ધ દરમિયાન પાકિસ્તાનને ચીન તરફથી મદદ મળી રહી હતી. ખ્વાજાએ કહ્યું કે બેઈજિંગ ઈસ્લામાબાદ સાથે ભારત વિશેની માહિતી શેર કરે છે. યુદ્ધ દરમિયાન પણ ચીને ભારતની હવાઈ સંરક્ષણ પ્રણાલી સંબંધિત માહિતી પાકિસ્તાન સાથે શેર કરી હતી.

ખ્વાજા આસિફે એક મુલાકાતમાં કહ્યું ‘ભારત સાથેના ટૂંકા યુદ્ધ પછી પાકિસ્તાન હાઈ એલર્ટ પર છે અને તેણે તેની તકેદારી ઓછી કરી નથી. હું પુષ્ટિ કરી શકું છું કે આપણે શરૂઆતથી અત્યાર સુધી આપણી તકેદારી ઓછી કરી નથી. એક મહિનાથી વધુ સમય થઈ ગયો છે. જે દેશો વ્યૂહાત્મક રીતે એકબીજાની નજીક છે તેઓ એકબીજા સાથે ગુપ્ત માહિતી શેર કરે છે.

તેમણે કહ્યું કે તે એક સામાન્ય બાબત છે કે આપણે આપણી પાસે રહેલી માહિતી શેર કરીએ છીએ. જે માહિતી આપણા માટે ખતરો છે, તે ચીન માટે ખતરો છે. ચીનને ભારત સાથે પણ સમસ્યાઓ છે. તેમણે આગળ કહ્યું- મને લાગે છે કે આપણે ગુપ્ત માહિતી અને ઉપગ્રહોમાંથી એકત્રિત કરેલી માહિતી એકબીજા સાથે શેર કરીએ છીએ તે ખૂબ જ સામાન્ય બાબત છે.

હકીકતમાં, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. તેને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું. આ પછી, પાકિસ્તાન દ્વારા ભારતીય લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવીને હુમલા કરવામાં આવ્યા. પાકિસ્તાન દ્વારા નિયંત્રણ રેખા પર નાગરિકોને નિશાન બનાવીને ભારે ગોળીબાર કરવામાં આવ્યો.

ભારતીય સેનાએ પાકિસ્તાનના આ કૃત્યોનો યોગ્ય જવાબ આપ્યો. ભારતીય મિસાઈલોએ પાકિસ્તાનના ૧૧ એરબેઝનો નાશ કર્યો. તેથી, પાકિસ્તાનને ભારત સામે ઘૂંટણિયે પડવું પડ્યું.

**નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:**

**દિપક સોલંકી - 98796 87316**

# અષાઢી બીજના પાવન પ્રસંગે વાહનોનું રેકોર્ડબ્રેક વેચાણ, રૂ.૧૦૦ કરોડથી વધુનો વેપાર



**૧૫૦૦ ટુ-વ્હીલર અને ૭૦૦થી વધુ ફોર-વ્હીલરનું વેચાણ થયું, જેની કુલ કિંમત રૂ. ૧૦૦ કરોડથી વધુ રહી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાજકોટ,તા.૨૮**

અષાઢી બીજ ૨૦૨૫ના શુભ દિવસે, રાજકોટમાં પુષ્ય નક્ષત્ર અને સિદ્ધિ યોગના સંયોગે ઓટોમોબાઈલ સેક્ટરમાં રેકોર્ડબ્રેક વેચાણ નોંધાયું છે. શહેરમાં એક જ દિવસમાં મોટી સંખ્યામાં લોકોએ વાહનની ખરીદી કરતા મંદીથી પીડાતા વેપારીઓના ચહેરા પર સ્મિત ફરી વળ્યું હતું.

હિન્દુ શાસ્ત્રોમાં અષાઢી બીજને અત્યંત શુભ દિવસ ગણવામાં આવે છે, અને આ વર્ષે પુષ્ય નક્ષત્ર તેમજ સિદ્ધિ યોગનો સુમેળ વેપારીઓ માટે 'સોનામાં સુગંધ' સમાન સાબિત થયો. રાજકોટ શહેરમાં અષાઢી બીજના શુભ દિવસે લોકોએ ભગવાનના આશીર્વાદ સાથે નવી શરૂઆત કરી, જેના પરિણામે શહેરમાં એક જ દિવસમાં ૧૫૦૦ ટુ-વ્હીલર અને ૭૦૦થી વધુ ફોર-વ્હીલરનું વેચાણ થયું, જેની કુલ કિંમત રૂ. ૧૦૦ કરોડથી વધુ રહી. શહેરના ૨૩થી વધુ ટુ-વ્હીલર અને ૨૦થી વધુ ફોર-વ્હીલર શોરૂમમાં સવારથી જ ખરીદદારોની ભીડ જોવા મળી. ટાટા, મારૂતિ, હ્યુન્ડાઈ, નિસાન, મહિન્દ્રા, કિયા, હેક્ટરથી લઈને પ્રીમિયમ બ્રાન્ડ્સ જેવી કે ઓડી, મર્સીડીઝ, બીએમડબલ્યુ, લેન્ડ રોવર, ટોયોટા, અને સ્કોડા સુધીની દરેક બ્રાન્ડ પર આકર્ષક ડિસ્કાઉન્ટ અને સ્કીમ્સ ઓફર કરવામાં આવી. આ ડિસ્કાઉન્ટે ગ્રાહકોને નવા વાહનો ખરીદવા માટે પ્રોત્સાહિત કર્યા. એક અંદાજ મુજબ, ટુ-વ્હીલરમાં રૂ. ૧૫ કરોડ અને ફોર-વ્હીલરમાં રૂ. ૮૫-૯૦ કરોડનો વેપાર થયો, જેમાં રૂ. ૭ લાખથી ૩૫ લાખની કિંમતની કારોની માંગ સૌથી વધુ રહી. ઘણા ખરીદદારોએ અષાઢી બીજના શુભ મુહૂર્તનો લાભ લેવા માટે અગાઉથી જ વાહનોનું બુકિંગ કરાવી રાખ્યું હતું. આના કારણે આ દિવસે રજિસ્ટ્રેશન, ટેક્સ ભરવો, અને અન્ય પ્રક્રિયાઓ પૂર્ણ કરીને ગ્રાહકો તેમના નવા વાહનો ઘરે લઈ ગયા. શોરૂમ માલિકોએ પણ આકર્ષક ઑફર્સ અને ડિસ્કાઉન્ટ યોજનાઓ રજૂ કરી, જેનો લોકોએ ભરપૂર લાભ લીધો. વેપારીઓના જણાવ્યા મુજબ, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે રૂ. ૫૦ લાખથી વધુની કિંમતની ઓડી, બીએમડબલ્યુ, મર્સીડીઝ, અને લેન્ડ રોવરની ૧૨થી વધુ કારો વેચાઈ. આ ઉપરાંત, ટોયોટા અને સ્કોડા જેવી બ્રાન્ડ્સે પણ ગ્રાહકોમાં ખૂબ લોકપ્રિયતા મેળવી. ખાસ કરીને, શોરૂમના માલિકોએ રજૂ કરેલી ડિસ્કાઉન્ટ સ્કીમ્સે ગ્રાહકોને આકર્ષ્યા, જેના કારણે વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. આંતરરાષ્ટ્રીય યુદ્ધ વિરામ અને શેરબજારની સ્થિરતાએ બજારમાં આશાનું વાતાવરણ સર્જ્યું છે. ગયા કેટલાક સમયથી મંદીનો સામનો કરી રહેલા વેપારીઓના ચહેરા પર અષાઢી બીજના દિવસે ફરી એકવાર સ્મિત જોવા મળ્યું.

આ દિવસે થયેલા રેકોર્ડબ્રેક વેચાણે ઓટોમોબાઈલ સેક્ટરમાં નવો ઉત્સાહ ફેલાવ્યો છે. અષાઢી બીજનો દિવસ ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં નવા કાર્યોની શરૂઆત માટે શુભ માનવામાં આવે છે. આ દિવસે ખેડૂતો વાવણીની શરૂઆત કરે છે, અને વેપારીઓ નવા વ્યવસાય કે ખરીદી માટે આ દિવસને પસંદ કરે છે. આ વર્ષે પુષ્ય નક્ષત્ર અને સિદ્ધિ યોગના સંયોગે આ દિવસ વધુ શુભ બન્યો, જેનો લાભ રાજકોટના વેપારીઓ અને ગ્રાહકો બંનેએ લીધો.

# અમદાવાદ રથયાત્રામાં બેકાબૂ બનેલા હાથીઓની મદદે આવ્યું "વનતારા"




(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૨૮**

શહેરમાં યોજાયેલી ૧૪૮મી જગન્નાથ રથયાત્રા દરમિયાન બેકાબૂ થયેલા ત્રણ હાથીઓની મદદે હવે અનંત અંબાણીના માર્ગદર્શન હેઠળની વન્યજીવન કલ્યાણ અને સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી પરોપકારી સંસ્થા વનતારા આવી છે. ગઈકાલે રથયાત્રામાં હાથીઓની ભાગદોડ બાદ તેમની સંભાળ રાખવા માટે તાત્કાલિક ધોરણે એક વિશેષ ઈમર્જન્સી ટીમ તૈનાત કરી હતી. જે હાથીને તબીબી સંભાળ અને વર્તણૂકીય સહાય પૂરી પાડવા માટે સજ્જ છે. આ ટીમે હાથીઓની સંભાળ રાખવા માટે વનતારામાં લઈ જવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

અમદાવાદમાં રથયાત્રા દરમિયાન આ ઘટના ત્યારે બની હતી, જયારે શોભાયાત્રા દરમિયાન મોટેથી વાગતા સંગીતના અને ભીડના અવાજથી ગભરાયેલો એક નર હાથી અચાનક હરોળ તોડીને આગળ ધસી ગયો હતો. પાછળ પાછળ આવી રહેલા બે હાથીઓ પણ ગભરાઈ ગયા અને દોડી ગયા હતા, જેના કારણે શોભાયાત્રામાં ખલેલ પહોંચી અને થોડા સમય માટે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી.

આ ઘટના બાદ તરત જ એક વિશેષ ટીમ બનાવવામાં આવી છે. જેમાં બે વન્યજીવ પશુચિકિત્સકો, છ વરિષ્ઠ મહાવતો, તાલીમ પામેલા અગિયાર સહાયક સ્ટાફ અને પાંચ એલિફન્ટ એમ્બ્યુલન્સનો સમાવેશ છે. આ ટીમ કટોકટીના સમયમાં હાથીને તબીબી સંભાળ અને વર્તણૂકીય સહાય પૂરી પાડવા માટે સજ્જ હતા. હવે વનતારાની ટીમે સ્થાનિક અધિકારીઓને સાથે અસરગ્રસ્ત નર અને માદા હાથીઓના તબીબી મૂલ્યાંકનમાં મદદ કરી, વર્તણૂકીય અને માનસિક સહાય પૂરી પાડી અને જ્યાં જરૂરી હોય ત્યાં સલામત નિયંત્રણ સુનિશ્ચિત કર્યું હતું.

આ અંગે વાત કરતા ગુજરાતના મુખ્ય વન સંરક્ષક ડૉ. કે. રમેશ (આઈએફએસ)એ જણાવ્યું કે, "રથયાત્રા દરમિયાન હાથીઓની દોડભાગની ઘટના બાદ અમે તાત્કાલિક સહાય માટે વનતારાનો સંપર્ક કર્યો હતો. તેમની ટીમે જામનગરથી ઝડપથી પ્રતિક્રિયા આપી અને સ્થાનિક અધિકારીઓ અને સંભાળ લેનારાઓ સાથે સંકલન સાધીને હાથીની યોગ્ય સંભાળ માટે તેમના સ્થાનાંતરણની વ્યવસ્થા કરી હતી."અમદાવાદ રથયાત્રા દરમિયાન બનેલી આ ઘટના બાદ વનતારાના ત્વરિત પગલાં અને સમર્પણની પ્રશંસા જગન્નાથ મંદિર મેનેજમેન્ટે પણ કરી હતી. શ્રી જગન્નાથ મંદિર ટ્રસ્ટ સમિતિના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું કે, "વનતારાએ આ હાથીઓને તાત્કાલિક જરૂરી તબીબી સહાય અને પુનર્વસન મળે તે સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ પ્રતિબદ્ધતા દર્શાવી હતી."

# જૂનાગઢમાં ભારે પવન ફૂંકાવાના કારણે ગિરનાર રોપ-વે બંધ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જૂનાગઢ,તા.૨૮**



જૂનાગઢના ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાવાના કારણે રોપ-વે સેવા હાલમાં બંધ કરી દેવાઈ છે, ઘણા દિવસથી ભારે પવનના કારણે સંચાલન પર તેની અસર પડી રહી છે તો યાત્રિકોની સલામતીને ધ્યાને રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે, પવનની ગતિ સ્થિર થતાં રોપ-વેની સેવા ફરી શરૂ કરવામાં આવશે, હાલમાં રોપ-વે સેવા બંધ છે જેની યાત્રિકો ખાસ નોંધ લે.હાલ ગુજરાતભરમાં વરસાદ અને પવનનું જોર વધ્યુ છે, ગિરનાર રોપ-વેની રોજના હજારો યાત્રિકો સેવા લેતા હશે પરંતુ કોઈ દુર્ઘટના ના સર્જાય તેને લઈ રોપ-વે કંપની દ્વારા હાલમાં રોપ-વેની સેવા અટકાવી દેવામાં આવી છે,ભારે પવન પર્વત પર ફૂંકાતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. મેનેજરનું કહેવું છે કે આવતીકાલ સુધી વાતાવરણ સ્થિર થશે તો ફરીથી રોપ-વે સેવા શરૂ કરવામાં આવશે.વરસાદની સાથે તેજ ગતિથી પવન પણ ફૂંકાઇ રહ્યા છે. સાથે ગિરનારના જંગલમાં પણ છેલ્લા ચાર દિવસથી પવની ઝડપ વધી રહી છે જેના કારણે રોપ-વેનું સંચાલન બંધ કરાયું છે. ઉષાબ્રેકો કંપની સંચાલિત રોપ- વેના જૂનાગઢના રેસીડેન્ટ મેનેજર કુલબીરસિંઘ બેદીએ જણાવ્યું હતું કે,ભારે પવન ફૂંકાવાના કારણે હાલમાં રોપ-વેની સેવા બંધ રહી છે, જે લોકોએ એડવાન્સ બુકિંગ કરાવ્યું હતુ તેમને મેસેજ કરીને આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યું છે.

ગિરનાર રોપ-વે સેવા શરૂ થવાથી વધુ પ્રમાણમાં પ્રવાસીઓનું આકર્ષણ જૂનાગઢ પ્રત્યે વધ્યું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગિરનાર રોપવેનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ રોપવે એશિયાનો સૌથી મોટો ટેમ્પલ રોપવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગિરનાર રોપવે યોજના સાકાર કરવા માટે વખતોવખત સરકાર દ્વારા તેમજ જૂનાગઢના સ્થાનિક લોકો દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા. અનેક વિઘ્નો અને અંતરાયોને પાર કરી આખરે રોપવે યોજના જૂનાગઢમાં કાર્યરત છે.

જૂનાગઢના ગિરનારમાં ક્યારેક પવની ગતિ વધારે હોય છે. જેના કારણે જૂનાગઢ ગિરનારની રોપ વે સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવે છે. સુરક્ષાના કારણોસર રોપ-વે સેવા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવતો હોય છે. ખાસ કરીને ગિરનાર શિખર પર ૫૦-૫૪ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાય છે. તીવ્ર ગતિના પવનમાં રોપ વે સેવા દરમિયાન કોઈ દુર્ઘટના ન ઘટે માટે સુરક્ષાના મુદ્દાને ધ્યાનમાં રાખીને રોપ-વે સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવતો હોય છે.

# દરિયાના કરંટે ગામમાં મચાવી તબાહી: ઉનાના સૈયાદ રાજપરામાં મકાન ધરાશાયી



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગીરસોમનાથ,તા.૨૮**

ગીરસોમનાથમાં મકાન ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. દરિયામાં કરંટ આવતા ઉનાના સૈયાદ રાજપરામાં મકાન ધરાશાયી થતા સ્થાનિકોએ મદદની રજૂઆત કરી. રાજપરા ખાતે રહેતા લોકોનું કહેવું છે કે અગાઉ તાઉતે વાવઝોડાના કારણે તેમના ગામમાં મોટું નુકસાન થયું હતું. ગામમાં વાવાઝોડાએ તારાજી સર્જી હતી અને તેની અસર આજે પણ જોવા મળે છે. સૈયદ રાજપરા ગામે દરિયાકિનારે રહેતા મકાનોમાં દરિયાના પાણી ફરી વળતા તબાહીના દ્રશ્યો સર્જાયા. દરિયામાં કરંટ આવતા ઉંચા મોજા ઉછળવા લાગ્યા. અને અચાનક દરીયાઇ સપાટી નું પાણી વધી જતાં દરિયો તોફાની બનતા તેના પાણી કિનારા પરના ઘરોમાં ઘુસી જતા મકાન ધરાશાયી થયું. ઘરવખરી દરિયાના પાણીમાં તણાઈ જવાના કારણે મકાનમાલિકોને ભારે આર્થિક નુકસાની વેઠવી પડી. દરિયામાં કરંટના લીધે એક નહી દરિયાકાંઠાના બેથી વધુ મકાનો ધરાશાયી થતાં તંત્ર પાસે મદદની ગુહાર લગાવી છે.

રાજપરા ગામના સરપંચે સંદેશ ન્યૂઝ સાથેની વાતચીતમાં કહ્યું કે મકાન ધરાશાયી થતા પરિવાર ઘરવિહોણા થયા છે. એટલે જ અમે દરિયાકિનારા પાસે પ્રોટેકશન વોલ બનાવવામાં આવે તેવી માગ કરી છે. જેથી કરીને દરિયાના પાણી ગામમાં ના ઘૂસે. આ માટે સરકાર પાસેથી અઢી કરોડ રૂપિયાની મંજૂરી પણ મેળવવામાં આવી છે. છતાં કોઈ પ્રકારની કામગીરી થઈ નથી. ગામના લોકોનું કહેવુ છે કે થોડા સમય પહેલા આવેલ તાઉતે વાવાઝોડાના કારણે ભારે તબાહી થઈ હતી. ગામમાં વાવાઝોડાએ વિનાશ વેરતા મકાન ધરાશાયી થતા ઘરવખરીને નુકસાન થયું હતું. વહેલી તકે દરિયાના મોજા ને રોકવાની વ્યવસ્થા કરવામાં નહિ આવે અનેક મકાનોને નુકશાન થવાની સંભાવના.

**ફરજમાં બેદરકારીના આક્ષેપ સાથે કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા**

# ભરુચમાં મનરેગા કૌભાંડ મામલે કર્મચારી પર મોટી તવાઈ બોલાવવામાં આવી



**મનરેગા કૌભાંડમાં વધુ ૩ લોકોની ધરપકડ, ૨૧ કર્મચારીઓને કરાયા સસ્પેન્ડ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ભરુચ,તા.૨૮**

ભરુચમાં મનરેગા કૌભાંડ મામલે કર્મચારી પર મોટી તવાઈ બોલાવવામાં આવી છે. કરાર આધારીત ૨૧ કર્મચારીને સસ્પેન્ડ કરાયાછે. ૨ કર્મચારીના રાજીનામાં પણ મંજૂર કરવામાં આવ્યા છે. ફરજમાં બેદરકારીના આક્ષેપ સાથે કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા છે. ભરુચમાં મનરેગા કૌભાંડ મામલે કર્મચારી પર મોટી તવાઈ બોલાવવામાં આવી છે. કરાર આધારીત ૨૧ કર્મચારીને સસ્પેન્ડ કરાયા છે. ૨ કર્મચારીના રાજીનામાં પણ મંજૂર કરવામાં આવ્યા છે. ફરજમાં બેદરકારીના આક્ષેપ સાથે કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા છે. જવાબદારી બરાબર ન નિભાવી હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. મનરેગા કૌભાંડમાં કોન્ટ્રાક્ટર બાદ કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.ભરૂચમાં ચકચારી મનરેગા કૌભાંડમાં વધુ ૩ની ધરપકડ કરવામાં આવી છે. જલારામ અને મુરલીધર એજન્સીના પ્રોપરાઈટર અને વચેટિયાની ધરપકડ કરવામાં આવી છે. તેમજ પિયુષ ઉકાળી અને જોધા સભાડની ધરપકડ કરાઈ છે. ગીર સોમનાથના જ શરમન સોલંકીની પણ પોલીસે ધરપકડ કરી છે. બંન્ને એજન્સીઓ હીરા જોટવા સાથે જ સંકળાયેલા હોવાનું બહાર આવ્યું છે. મનરેગા કૌભાંડમાં અત્યાર સુધી કુલ ૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે

મહત્વનું છે કે ભરૂચ મનરેગા કૌભાંડના તાર ગીર-સોમનાથ સુધી પહોંચ્યા છે. કોંગ્રેસ નેતા હીરા જોટવાની ધરપકડ બાદ તેમના પુત્ર દિગ્વિજય જોટવાની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત હાંસોટ તાલુકા પંચાયતમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા રાજેશ ટેલરની પણ ધરપકડ કરવામાં આવી છે. બંનેને કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે બંનેના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા. ભરૂચ જિલ્લાના ત્રણ તાલુકાના ૫૭ ગામમાં મનરેગા યોજનામાં ૭ કરોડના ભ્રષ્ટાચાર મામલે જૈંની તપાસમાં ગીર સોમનાથના વેરાવળની બે એજન્સીના જલારામ એન્ટરપ્રાઇઝ અને મુરલીધર એન્ટરપ્રાઇઝ એજન્સીના નામ ખુલ્યા હતા. એજન્સીઓએ ઓછુ મટીરીયલ સપ્લાય કરીને વધારે મટીરીયલ બતાવી કૌભાંડ કર્યુ હતુ. ત્યાર બાદ SITની તપાસમાં હીરા જોટવાનું નામ ખૂલ્યું હતું.પોલીસ તપાસમાં સામે આવ્યું કે ભરૂચમાં મનરેગા એજન્સીની કામ કરતી આ બે એજન્સીના માલિકના નામ કાગળ પર અલગ હતા. પરંતુ કૌભાંડના બધા રૂપિયા હીરા જોટવા અને તેમના સંબંધીના ખાતામાં ટ્રાન્સફર થયા છે. હીરા જોટવાએ અન્યના નામે એજન્સી ખોલીને કૌભાંડ આચર્યું હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું છે. આ સાથે આઉટસોર્સથી કામ કરતા કર્મચારીઓની સંડોવણી પણ સામે આવી છે. મટીરીયલ સપ્લાય કર્યા વગર ખોટા જોબકાર્ડ બનાવી સરકારી રૂપિયા મેળવ્યા હોવાનું બહાર આવ્યું છે.

**નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:**
**દિપક સોલંકી - 98796 87316**

**આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ કહ્યું**

# મેં કહ્યું હતું હીરા જોટવા મનરેગા કૌભાંડના માસ્ટર માઈન્ડ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ડેડીયાપાડા, તા.૨૮**

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ એક મહત્ત્વપૂર્ણ મુદ્દા પર વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, અગાઉ મેં પુરાવા સાથે જાહેર કરી કહ્યું હતું કે મનરેગા કૌભાંડના માસ્ટર માઈન્ડ કોંગ્રેસના નેતા હીરા જોટવા છે, તે વાત સાચી પડી. મેં ત્યારે પણ જાહેર કહ્યું હતું કે ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ સાથે મળીને આ કૌભાંડ કર્યું છે. ત્યારે શાસક પક્ષના એક સાંસદે તેમનો બચાવ કર્યો હતો. ત્યારે હીરા જોટવાએ મારા વિરુદ્ધ ચીમકી ઉચ્ચારી હતી કે ચૈતર વસાવા પર ગુજરાતમાં ક્યારેય પણ ન થયો હોય એટલો મોટો માનહાનીનો કેસ કરીશ. પરંતુ આજે મારી વાત સાચી સાબિત થઈ. ભરૂચના એસપીએ આખરે હીરા જોટવા અને તેના દીકરાની ધરપકડ કરી.

વધુમાં વસાવાએ કહ્યું કે, હીરા જોટવા ૨૦૧૭ દરમિયાન આ વિસ્તારમાં આવ્યા અને સાંસદ બચુ ખાબડે મળીને પંચાયત પાસેથી કામો લઈ લીધા અને પોતાની એજન્સી જલારામ એન્ટરપ્રાઈઝ અને મુરલીધર એન્ટરપ્રાઈઝને આપી દીધા. ત્યારબાદ બધા જ ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ સાથે મળીને બોગસ બિલ બનાવ્યા અને એક પણ રેતી-કપચી ઉતાર્યા વગર જીએસટી અને રોયલ્ટી વગરના કરોડોના બિલો પાસ કરાવ્યા. આ એજન્સીઓમાં પાંચ વર્ષ દરમિયાન ૨૫૦૦ કરોડ રૂપિયા જમા થયા. હીરાભાઈ પોતે આ એજન્સીઓના પ્રોપરાઈટર હતા પરંતુ તે કાગળ પર બીજાને પ્રોપરાઈટર દર્શાવતા હતા. હીરા જોટવાએ આ નાણાં સ્થાનિક નેતાઓને, અધિકારીઓને અને કેટલીક પાર્ટીઓને ફંડ રૂપે આપ્યા છે. કોંગ્રેસ નેતા પર આરોપ લગાવતા ચૈતર વરસાવાએ કહ્યું કે, હીરા જોટવા લંડનમાં પોતાના દીકરા દિગ્વિજય જોટવા અને અભય જોટવાને કરોડો રૂપિયા હવાલા દ્વારા મોકલ્યા. વિદેશમાં તેમણે એક કંપનીમાં ખૂબ જ મોટું રોકાણ કર્યું છે. કારણ કે તેઓ જાણતા હતા કે આ જ નહીં તો કાલ કૌભાંડ જયારે બહાર નીકળશે તો વિદેશમાં જઈને પણ સુરક્ષિત થઈ જઈશું તેવું તેવું માનતા હતા.



વસાવાએ સરકારને અપીલ કરતા કહ્યું કે, મારી સરકારને અપીલ છે કે, CBI, ED અને GST વિભાગ દ્વારા તપાસ કરાવવામાં આવે. જો કડક રીતે તપાસ કરવામાં આવે તો ભાજપ અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ, સાંસદો અને મંત્રીઓના નામ આ કૌભાંડમાં બહાર આવે એમ છે. આ કૌભાંડમાં ટીડીઓથી લઈને નિયામક સુધીના અધિકારીઓના નામ પણ બહાર આવે એમ છે. એસઆઈટીને આ નેતાઓ નિષ્પક્ષ તપાસ કરવા દેશે નહીં. માટે CBI, ED અને GST વિભાગ દ્વારા તપાસ કરાવવામાં આવે તેવી મારી માંગ છે.

# વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# દેશમાં ડિજિટલીકરણના પ્રયાસો બાદ સાઈબર અપરાધોમાં આવેલો વેગ



દેશમાં સાઈબર અપરાધોમાં સતત વધારો સરકાર અને જનતાની ચિંતાનું કારણ બન્યો છે. જોકે સરકારના નિયામક સંગઠન અને ગુપ્તચર એજન્સીઓ સતત સક્રિય છે પરંતુ અપરાધી અપરાધના નવાનવા પેંતરાથી પોતાના ખતરનાક મનસૂબાને અંજામ આપી રહ્યા છે. જોકે આ સંકટ વિશ્વવ્યાપી છે, પરંતુ દેશમાં ડિજિટલીકરણના પ્રયાસો બાદ આ અપરાધોમાં વેગ આવ્યો છે. ઈન્ડિયન સાઈબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરના આવેલ આંકડામાં કહેવાયું કે આ વર્ષે સપ્ટેમ્બર સુધી દેશમાં સાઈબર છેતરપિંડીથી ૧૧,૩૩૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. ચોંકાવનારી વાત છે કે આ દરમ્યાન સ્ટોક ટ્રેડિંગ કૌભાંડોમાં સૌથી વધારે સવા બે લાખ ફરિયાદો આવી અને લગભગ સાડા ચાર હજાર કરોડનું નુકસાન કહેવાયું. એ દર્શાવે છે કે દેશમાં સાઈબર અપરાધની જાળ કેટલી ફેલાયેલી છે. ઉલ્લેખનીય છે કે ગૃહ મંત્રાલયના સાઈબર અપરાધો પર નજર રાખનારી એજન્સીના રિપોર્ટ અનુસાર દેશમાં નવેમ્બર સુધી સાબિર છેતરપિંડીની બાર લાખ ફરિયાદો આવી, જેમાંથી ૪૫ ટકા કેસોને મ્યાનમાર(બર્મા), લાઓસ અને કંબોડિયાથી અંજામ આપવામાં આવ્યો. આ રીતે ઓનલાઈન નાણાંકીય સેવાઓમાં સાઈબર ઉઠાંતરીની જાળ સતત ઉપભોક્તાઓની મુસીબતોનું કારણ બની છે. મોબાઈલ સ્પાયવેર પણ એક મોટો પડકાર બનતા જાય છે, જે ગ્રાહકોની જરૂરી ગુપ્ત માહિતી ચોરી લે છે. જેને સહારે આર્થિક ફ્રોડને અંજામ આપવામાં આવે છે. હાલના દિવસોમાં સાઈબર અપરાધોમાં નવી રીત ડિજિટલ અરેસ્ટ જોડાઈ ગઈ છે, જેના દ્વારા દેશની આર્થિક નિયામક એજન્સીઓ અને પોલીસના નામ પર લોકો પાસેથી કરોડો રૂપિયા વસૂલવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાઈબર હુમલા ઉપરાંત ઓનલાઈન ફ્રોડ અને સેક્સટોર્શનના કેસો પણ સામે આવી રહ્યા છે. સાથે જ ડેટા ચોરી, રેન્સમવેર, ઓનલાઈન નફરત ફેલાવવા, સાઈબર બુલિંગ તથા નાગરિક સેવાઓ અને હોસ્પિટલો પર હુમલાના કેસો સામે આવતા રહે છે. તેમાં શત્રુ દેશો તરફથી દેશની અર્થવ્યવસ્થા અને આંતરિક સુરક્ષાને નુકસાન પહોંચાડવાની કોશિશ પણ સામેલ હોય છે. મુશ્કેલી એ છે કે દેશમાં સાઈબર અપરાધો પર અંકુશ લગાવવા માટે અલગથી કડક કાયદા નથી. બીજી તરફ આઈટી એક્ટમાં સંશોધન કરીને લાવવામાં આવેલ જોગવાઈ આ સાઈબર અપરાધો પર અંકુશ લગાવવામાં સંપૂર્ણ સફળ નથી. સાઈબર અપરાધો પર સંપૂર્ણ અંકુશ લગાવા માટે કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલ સાઈબર કોઓર્ડિનેશન સેન્ટરને વધુ પ્રભાવશાળી બનાવવાની જરૂર છે, જેણે ગત દિવસોમાં દિક્ષમ પૂર્વ એશિયાથી સક્રિય સાઈબર અપરાધીઓ પર અંકુશ લગાવવાની દિશામાં પહેલ કરી હતી. આ સંકટના મુકાબલે સરકારોએ કડક કાયદા બનાવવાની જરૂર છે, ત્યાં જ નાગરિકોને આ અપરાધોથી બચવા માટે જાગૃત કરવાની જરૂર છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સ્તર પર સાઈબર નિયંત્રક પોલીસ દળની જરૂરિયાત પણ અનુભવાઈ રહી છે.

## પ્રશાંત કિશોરનો મોટો દાવો

# બિહારમાં NDA જીતશે તો ભાજપ નીતિશને મુખ્યમંત્રી નહીં બનાવે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**પટણા, તા.૨૮**

બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે તાડામાર તૈયારી ચાલી રહી છે. ત્યારે આ વચ્ચે ચૂંટણી પંચની ટીમ પણ હાલમાં રાજ્યમાં તહેનાત છે. પરંતુ સૌથી મોટો સવાલ એ છે કે ચૂંટણી પંચ બે દાયકા પછી એટલે કે ૨૦૦૩ પછી પહેલી વાર કયા કારણોસર એક વિશેષ અને સઘન મતદાર યાદી સુધારણા અભિયાન ચલાવી રહ્યું છે.

હવે ચૂંટણી પહેલા તમામ મુદ્દે જનસુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરી છે. આ દરમિયાન તેમણે તેજસ્વી યાદવથી લઈને નીતિશ કુમાર પર નિશાન સાધ્યું છે. પ્રશાંત કિશોરે કહ્યું કે, તેની પૃષ્ઠભૂમિ સમજવાની જરૂર છે કારણ કે, મહારાષ્ટ્રમાં આ પ્રકારની ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. ૨૦૦૩ બાદ આ પ્રકારની ડ્રાઈવ ચૂંટણીના બે-ત્રણ મહિના પહેલા ચૂંટણી પંચ નથી કરતું. મહારાષ્ટ્ર અને હરિયાણાના લોકોએ જણાવ્યું કે, આ પ્રકારની ડ્રાઈવ ચલાવવામાં આવી અને ત્યાં જે પરિણામો આવ્યા હતા, તેમાંથી કેટલાક લોકો, ખાસ કરીને મુખ્ય વિપક્ષ કોંગ્રેસના રાહુલ ગાંધીનું માનવું છે કે ઈલેક્ટોરલ રોલના રિવિઝનમાં મોટા પાયે ગડબડ થઈ હતી. હવે આમાંથી કેટલું સાચું છે અને ખોટું છે, તે તપાસનો વિષય બની શકે છે.

પ્રશાંત કિશોરે આગળ કહ્યું કે, 'એક-એક વર્ગમાં કમ સે કમ એ વાત બની છે કે, ચૂંટણીના ત્રણ મહિના પહેલા આ પ્રકારની ડ્રાઈવ કેમ ચલાવવામાં આવી રહી છે અને જો તે ચલાવવામાં આવી રહી છે તો મને લાગે છે કે ચૂંટણી પંચે જનતાને સ્પષ્ટ કરવું જોઈએ કે તેની પ્રક્રિયા શું હશે, તેની પારદર્શિતા કેવી રીતે સુનિશ્ચિત કરવામાં આવશે અને જેટલા પણ સ્ટેક હોલ્ડર છે ચૂંટણી લડનારા અને લડાવનારા, મતદારો, આ બધાને એ વિશ્વાસ થવો જોઈએ કે આ પ્રક્રિયા સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સુધારવા માટે કરાવવામાં આવી રહી છે. તે કોઈ એક વર્ગ અથવા કોઈ એક પક્ષના સમર્થકો અથવા વિરોધીઓને હટાવવા અથવા જોડવા માટે નથી.'

પટનામાં તાજેતરમાં જ તેજસ્વી યાદવે વિદ્યાર્થી સંસદનું આયોજન કર્યું હતું, જેમાં તેમણે હજારો વિદ્યાર્થીઓને 'પેન' વહેંચી હતી અને શિક્ષણ સુધારાના વાયદા કર્યા હતા. તેના પર પ્રતિક્રિયા આપતા પ્રશાંત કિશોરે તીખી ટિપ્પણી કરી. તેમણે કહ્યું કે, લોકશાહીમાં તમામ પાર્ટીઓને એ અધિકાર છે કે, તેઓ પોતાના વોટર્સને અથવા જે તેમને સાંભળવા તૈયાર છે તેમની સામે પોતાની વાત રાખો તેમાં કોઈ મુશ્કેલી નથી. પરંતુ જ્યારે તેજસ્વી યાદવ શિક્ષણ વિશે વાત કરે છે, ત્યારે બિહારના લોકોએ સમજવું પડશે કે ૧૫-૫૦ વર્ષ સુધી તેમના માતા-પિતાની આરજેડીની સરકાર સત્તામાં હતી. બિહારમાં શિક્ષણ વ્યવસ્થાના એ ૧૫ વર્ષ (૧૯૯૦થી ૨૦૦૫) દરમિયાન જેટલું નુકસાન થયું છે તેટલું કદાચ બીજા કોઈ સમયગાળામાં નથી થયું.

# વૈરાગ્યમાં સુખ છે પરંતુ મુક્તિ તો બ્રહ્મજ્ઞાનથી જ સંભવ છે



**બોધ કથા**

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

એક આંધળો અને એક લંગડો વ્યક્તિ હતા. આ બંન્ને મેળામાં જવાનું વિચારતા હતા પરંતુ બંન્ને શારીરિકરૂપથી અપૂર્ણ હતા તેથી મેળામાં જઈ શકતા ન હતા. ઘણો જ વિચાર કર્યા બાદ તેમને એક વિચાર સુઝ્યો. લંગડો આંધળાના ખભા ઉપર બેસીને આંધળાને રસ્તો બતાવવા લાગ્યો અને આમ બંન્ને મેળામાં પહોંચી ગયા. જો આ બંન્ને ભેગા ના મળ્યા હોત તો મેળામાં ના પહોંચી શક્યા હોત. આજના માનવની હાલત પણ આવી જ છે, તે ભક્તિ તો કરે છે પરંતુ બ્રહ્મવેત્તા સદગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત ન કરવાના કારણે તેની હાલત પેલા આંધળાના જેવી છે કે જે મુક્તિ મેળવવા ઈચ્છે છે પરંતુ જ્ઞાનચક્ષુ ના હોવાના કારણે તે કર્મકાંડ કરે છે પરંતુ તે મુક્ત થવાના બદલે માયામાં ફસાતો જાય છે. તેની આવી અવસ્થા વિશે વર્ણન કરતાં યુગપુરૂષ બાબા અવતારસિંહજી મહારાજે પ્રસિદ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહ્યું છે કે.. આજે માનવ સમજે છે કે પાઠ અને પૂજા કરવાથી, જન્મ-મરણના કાળ ચક્રથી અમોને પાર લગાવી દેશે પરંતુ જ્યાં સુધી માનવને સદગુરૂના માધ્યમથી નિરાકાર પ્રભુ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી તે ગમે તેટલા કર્મ કે ભક્તિ કરે તેમ છતાં મનુષ્યને મુક્તિ મળતી નથી. વૈરાગ્યમાં સુખ છે પરંતુ મુક્તિ તો બ્રહ્મજ્ઞાનથી જ સંભવ છે.

જ્યાં સુધી પ્રભુનાં દર્શન ના થાય, પરમાત્માની અપરોક્ષાનુભૂતિ ના થાય ત્યાં સુધી મનમાં વિશ્વાસ આવતો નથી, જ્યાં સુધી વિશ્વાસ આવતો નથી ત્યાં સુધી પ્રભુની સાથે પ્રેમ સંભવ નથી. પ્રેમ વિના ભક્તિ અને ભક્તિ વિના ભવસાગર પાર કરી શકાતો નથી. ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂ જ પરમાત્માનાં દર્શન કરાવી શકે છે, તે જ મનમાં વિશ્વાસ કરાવે છે અને તે જ પ્રેમનું શિક્ષણ પ્રદાન કરે છે એટલે સદ્‌ગુરૂ વિના ભક્તિ સંભવ નથી અને જે આવી ભક્તિ કરે છે તેને પાછળથી પછતાવું પડે છે. સદગુરૂની કૃપાથી જે વ્યક્તિ અવિનાશી પ્રભુની ઓળખાણ કરી લે છે તેનું અવશ્ય કલ્યાણ થાય છે કારણ કેઃ ગુરૂની કૃપાળું કરૂણાપૂર્ણ દ્રષ્ટિ તેનો ઉધ્ધાર કરી દે છે. મનુષ્યને જો સદગુરૂની કૃપાથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય પરંતુ તેનામાં જો ભક્તિ ના આવે તો તેની દશા પેલા લંગડાની જેમ અપૂર્ણ છે કે જે મેળામાં જવાનું ઈચ્છે છે પણ જઈ શકતો નથી. ભક્તિરૂપી પગ ના હોવાથી તે ચાલી શકતો નથી.

ગોસ્વામી તુલસીદાસજી મહારાજ રામાયણમાં કહે છે કે જાણ્યા વિના વિશ્વાસ પ્રાપ્ત થતો નથી, વિશ્વાસ પ્રાપ્ત થયા વિના, પ્રિતિ પ્રાપ્ત થયા વિના ભક્તિમાં દ્રઢતા આવતી નથી અને જ્યાં સુધી પ્રિતિ પ્રાપ્ત ન થઈ હોય ત્યાં સુધી જેમ જળના પોતાના સુકાઈ જવાના સ્વભાવના લીધે લાંબા કાળ સુધી ચિકાશ તેને સાથે દ્રઢ થતી નથી. વેદો તથા પુરાણો કહે છે કેઃ જેમ કરોડો યત્ન કરવા છતાં પણ ગુરૂ તથા વૈરાગ્ય વિના જ્ઞાન મળતું નથી. એ રીતે વેદ અને પુરાણ કહે છે કેઃ શ્રી હરિની ભક્તિ વિના સુખ મળતું નથી. સ્વાભાવિક સંતોષ વિના શાંતિ મળતી નથી, સંતોષ વિના વાસના નષ્ટ થતી નથી અને જ્યાં સુધી વાસના હોય ત્યાં સુધી સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. તત્વજ્ઞાન વિના સમભાવ આવતો નથી, શ્રધ્ધા વિના ધર્મનું આચરણ સંભવ નથી. પ્રભુની ભક્તિ વિના જન્મ-મૃત્યુનો ભય દૂર થતો નથી. વિશ્વાસ વિના ભક્તિ થઈ શકતી નથી, ભક્તિ વિના પ્રભુ કૃપા પામી શકાતી નથી અને પ્રભુ કૃપા વિના જીવ સ્વપ્નમાં પણ શાંતિ પામતો નથી.

ગુરૂજ્ઞાનથી પલભરમાં જિજ્ઞાસુઓનો ઉધ્ધાર થઈ જાય છે એ વાતમાં કોઈ સંદેહ નથી. આપણે એ વાતનો પણ સ્વીકાર કરીએ છીએ કે મોટા-મોટા ઋષિમુનિઓએ હજારો વર્ષ તપ કરવા છતાં પણ પ્રભુનાં દર્શન કરી શક્યા ન હતા તેમજ તેમની મુક્તિ થઈ ન હતી કારણ કે પોતાના પ્રયત્નોથી હજારો તો શું લાખો વર્ષો સુધી કર્મકાંડ કરવાથી પણ પ્રભુનાં દર્શન થતાં નથી પરંતુ જ્યારે હરિ-ગુરૂની કૃપા થાય છે તો પ્રભુ દર્શન ક્ષણમાં થઈ જાય છે કારણ કે અચિરેણ અધિગચ્છતિ...આવું ગીતાનું વચન છે એટલે કે પ્રભુ દર્શનમાં વાર લાગતી નથી. ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે કે પ્રેમી ભક્તોનો હું મૃત્યુંરૂપી સંસાર સાગરથી શીઘ્ર ઉધ્ધાર કરવાવાળો બની જાઉં છું તથા મારામાં આવિષ્ટ ચિત્તવાળા ભક્તોનો હું મૃત્યુરૂપી સંસાર સાગરથી શીઘ્ર ઉધ્ધાર કરવાવાળો બની જાઉં છું.

તત્વજ્ઞાનનો અર્થ ફિલોસોફી નથી. તત્વજ્ઞાનનો અર્થ વિચારશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર પણ નથી કારણ કે ફિલોસોફીનો અર્થ થાય છે ચિંતન, મનન, વિચારણ, માનસિક રીતે વિચારેલું એવો થાય છે જ્યારે તત્વજ્ઞાનનો અર્થ વાસ્તવિક જાણેલું, દર્શન, સાક્ષાત્કાર, અનુભૂતિ એવો થાય છે. કોઈ વ્યક્તિ ગમે તેટલું વિચારે પણ તેના વિચારોથી તે ક્યાંય પહોંચી શકતો નથી. માણસ જેટલું વિચારે તેટલા તેટલા શબ્દોનો સંગ્રહ વધે છે પરંતુ તેને પરમાત્માની પ્રતિતિ કે ઓળખાણ થતી નથી. વિચારવું સહેલું છે જ્યારે જાણવું કઠણ છે કારણ કે વિચારવા માટે પોતાને બદલવાની કોઈ જરૂર પડતી નથી જ્યારે જાણવા માટે પોતાને બદલવું અનિવાર્ય છે.

**ભક્તિ માટે માનવના હૃદયમાં પ્રેમ હોવો આવશ્યક છે, કારણ કે પ્રેમ વિના ભક્તિ અપૂર્ણ છે અને ભક્તિ વિના માનવ એક મડદા સમાન છે**

એક આંધળો માણસ પ્રકાશના વિશે વિચારે તે ફિલોસોફી છે અને આ આંધળા માણસની આંખોનો ઈલાજ કરવામાં આવે અને તે પ્રકાશને જોઈ લે તે તત્વજ્ઞાનનું પ્રતિક છે તેવી જ રીતે કોઈ વ્યક્તિ પ્રેમના વિશે ઘણું જ વિચારે આમ હોવા છતાં જ્યાં સુધી તે પ્રેમમાં ડૂબતો નથી ત્યાં સુધી તેને પ્રેમની ખબર પડતી નથી. ઘણીવાર જે પ્રેમમાં ડૂબે છે તેને પ્રેમના વિશે કશું વિચાર્યુ પણ ના હોય તેવું પણ બને છે. ઘણા લોકો ઈશ્વરના વિશે વિચારતા હોય છે અને આવા વિચારને જ એમ સમજતા હોય છે કે મને અનુભવ થઈ રહ્યો છે પરંતુ ફક્ત વિચારવું એ અનુભવ નથી તેનાથી ધારણા બાંધે છે અને સત્ય અને અધ્યાત્મથી દૂર ચાલ્યા જાય છે. વિચારો એ શબ્દોનો સમુહ છે.

ભક્તિ માટે માનવના હૃદયમાં પ્રેમ હોવો આવશ્યક છે, કારણ કે પ્રેમ વિના ભક્તિ અપૂર્ણ છે અને ભક્તિ વિના માનવ એક મડદા સમાન છે. *જા ઘટ પ્રેમ ના સંચરે સો ઘટ જાન મસાન, જૈસે ખાલ લોહારકી સાંસ લેત બિન પ્રાણ..* પ્રેમ વિના માનવ લુહારની ધમણ જેવો છે કે જે શ્વાસ લે છે ત્યારે એવો આભાસ થાય છે કે કોઈ જીવિત પ્રાણી શ્વાસ લઈ રહ્યો હોય પરંતુ તેનામાં પ્રાણ હોતો નથી. જો માનવમાં પ્રેમ સત્કાર નથી તો ભક્તમાર્ગમાં ક્યારેય આગળ વધી શકતો નથી. જ્ઞાની હોવા છતાં પણ તેનું પતન થાય છે. આ વિશે અવતારવાણીમાં કહ્યું છે કે સાચા સાધુ સંત હરિના એક જ વાત સમજાવે છે કે જ્ઞાની પણ જો ભક્તિ છોડે તો તે અંત સમયમાં પછતાય છે એટલે માનવે જ્ઞાનની સાથે સાથે ભક્તિને પણ સમાનરૂપથી પોતાના આચરણમાં લાવવી જોઈએ જેથી જ્ઞાન રસ્તો બતાવે અને ભક્તિમય જીવન જીવવાથી આપણે મક્તિનો આનંદ મેળવી આલોક અને પરલોક સુખી કરી શકીએ.


ભગવાન અને ભક્તને જોડનારી કડી ભક્તિ છે. ભગવાન દરેક જગ્યાએ વ્યાપક છે તેમ ભક્તિ પણ દરેક જગ્યાએ, દરેક પરિસ્થિતિમાં સંભવ છે. ભક્તિ ચતુરાઈથી નહી પરંતુ ભાવનાથી કરવાની છે. ભક્તિ બુદ્ધિનો નહી પરંતુ હૃદયનો વિષય છે. બુદ્ધિ તો ફક્ત ભક્તિનાં માધ્યમ સેવા, સુમિરણ, સત્સંગને સકારાત્મક તથા યોગ્ય દિશા માટે સહાયક બને છે. જેમ અમે ભોજન કોઈને બતાવવા માટે નહી પરંતુ શરીરની ભુખ દૂર કરવા કરીએ છીએ તેમ ભક્તિ કોઈપણ પ્રકારના બાહ્ય દેખાવ, છળકપટ, બનાવટથી કે બીજાને પ્રભાવિત કરવા માટે નહી પરંતુ સાચા હૃદયથી કરવાની છે. ભક્તિ અમારો આત્મિક ખોરાક છે.

પ્રત્યેક કર્મનું ફળ અમારી સામે આવવાનું જ છે. દરેક સારા અને ખરાબ કર્મનું ફળ અમારે ભોગવવું જ પડશે એટલે અમારાથી કોઈ સતકાર્ય થાય તો પ્રભુ પરમાત્માનો ધન્યવાદ કરો કે સતકાર્ય કરવા માટે અમોને શક્તિ આપી અમોને નિમિત્ત બનાવ્યા અને અમારાથી કોઈ ખરાબ કાર્ય થાય તો પશ્ચાતાપ કરીએ અને ભવિષ્યમાં આવી કોઈ ભૂલ ના થાય તે માટે પ્રાર્થના કરીએ. અમારો વ્યવહાર, લેવડ-દેવડ, ભાષા અને સ્વભાવ એટલો સુંદર હોવો જોઈએ કે લોકો અનુકરણ કરે. જેના હૃદયમાં પદ-પ્રતિષ્ઠા અને પૈસા મેળવવાની ઈચ્છા હોતી નથી તો પ્રભુ પરમાત્મા પોતે પદ-પ્રતિષ્ઠા અને પૈસા આપવા તેની પાછળ ફરતા હોય છે.

પ્રભુ પરમાત્મા અને ભક્તનો સબંધ યુગોથી ચાલ્યો આવ્યો છે. પ્રભુએ સમગ્ર સંસારની તથા પોતાની પ્રતિકૃતિ માનવની રચના કરી છે પરંતુ પ્રકૃતિ અને માયામાં ફસાઈને તે પ્રભુ પરમાત્માને ભુલીને સાંસારીક પદાર્થોને ભેગા કરવામાં જીવન વ્યર્થ ગુમાવી દે છે અને સત્યની ઓળખાણ કરી શકતો નથી, જે કાર્ય કરવા માટે જન્મ મળ્યો હતો તે ઈશ્વરની ઓળખાણ ના કરવાના લીધે તે જ્યારે શરીર છોડીને પ્રભુના દરબારમાં જવાનું થાય છે ત્યારે તે ગભરાય છે.

જ્યારે જ્યારે ધર્મની હાની થાય છે અને માનવ સાચા ધર્મને ભુલી જાય છે અને દુષ્ટોની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા અવતાર લઈને સાધુઓની રક્ષા કરે છે અને પાપીઓનો સંહાર કરી સત્યને સ્થાપિત કરે છે. નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા જ સદગુરૂના રૂપમાં પ્રગટ થાય છે, તે પરમાત્માનું જ સાકાર સ્વરૂપ હોય છે અને સમગ્ર માનવસમાજના માટે કાર્યશીલ હોય છે. તેમની પાસેથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ બાદ જ ભક્તિની શરૂઆત થાય છે. તમામ પ્રકારના લડાઈ-ઝઘડા છોડીને એક પ્રભુ પરમાત્માને પામવા એ જ સાચી ભક્તિ છે.

# RSS નેતાની બંધારણમાં સુધારાની માંગ પર ઉપ રાષ્ટ્રપતિનું રિએક્શન



**બંધારણની પ્રસ્તાવના બદલી શકાતી નથી : વિશ્વના અન્ય કોઈ પણ દેશની પ્રસ્તાવનામાં કોઈ ફેરફાર થયો નથી, પરંતુ ભારતમાં તે એક વાર થયો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

ભારતના ઉપ રાષ્ટ્રપતિ જગદિપ ધનખડે બંધારણમાં સુધારા અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે, બંધારણની પ્રસ્તાવના બદલી શકાતી નથી.

વિશ્વના અન્ય કોઈ પણ દેશની પ્રસ્તાવનામાં કોઈ ફેરફાર થયો નથી, પરંતુ ભારતમાં તે એક વાર થયો હતો. આ પ્રસ્તાવના વર્ષ ૧૯૭૬ના ૪૨મા બંધારણ (સુધારા) અધિનિયમ દ્વારા બદલવામાં કરાયો હતો. આ સુધારા દ્વારા તેમાં સમાજવાદી, ધર્મનિરપેક્ષ અને અખંડિતતા શબ્દો ઉમેરવામાં આવ્યા હતા. ડો. બી.આર. આંબેડકરે બંધારણ પર ખૂબ મહેનત કરી હતી અને તેમણે ચોક્કસપણે આના પર ધ્યાન કેન્દ્રિત આપ્યું હશે.

અહેવાલો અનુસાર, ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ બંધારણની પ્રસ્તાવનામાં સમાજવાદી અને ધર્મનિરપેક્ષ શબ્દોની સમીક્ષા કરવા આહ્વાન કર્યું હતું. RSS અનુસાર, આ શબ્દો કટોકટી દરમિયાન સામેલ કરવામાં આવ્યા હતા અને ડો. બી.આર. આંબેડકરે દ્વારા તૈયાર કરાયેલા બંધારણનો ક્યારેય ભાગ નહોતા.

કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેના પ્રસ્તાવનામાં ધર્મનિરપેક્ષ અને સમાજવાદી શબ્દો રહેવા જોઈએ કે નહીં તે અંગે રાષ્ટ્રીય ચર્ચાના આહ્વાનની ટીકા કરી છે. તેમણે આ રાજકીય તકવાદ અને બંધારણની ભાવના પર ઈરાદાપૂર્વકનો હુમલો ગણાવ્યો છે.

કટોકટી (વર્ષ ૧૯૭૫-૭૭) દરમિયાન બંધારણની પ્રસ્તાવનામાં દાખલ કરાયેલા બે શબ્દોની સમીક્ષા માટે દત્તાત્રેય હોસબોલેના મજબૂત હિમાયતથી રાજકીય વિવાદ સર્જાયો છે, શુક્રવારે(૨૭મી જૂન) આરએસએસ સાથે જોડાયેલી મેગેઝિનમાં પ્રકાશિત થયેલા એક લેખમાં લખ્યું હતું કે, બંધારણને રદ કરવા વિશે નથી, પરંતુ કટોકટી દરમિયાન કોંગ્રેસની નીતિઓથી મુક્ત કરીને તેની મૂળ ભાવના પુનઃસ્થાપિત કરવા વિશે છે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### આઈસીસીએ નવો નિયમ જારી કર્યા

## માથામાં બોલ વાગે તેવા સંજોગોમાં ક્રિકેટર સાત દિવસ સુધી બહાર

**આ ઉપરાંત વાઇડ બોલ માટે પણ નવો નિયમ અમલી બનાવવામાં આવ્યો છે અને બાઉન્ડ્રી માટેના નિયમમાં પણ ફેરફાર કરાયા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દુબઈ, તા.૨૮ :** ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (આઈસીસી) શુક્રવારથી રમતના ત્રણેય ફોર્મેટ ટેસ્ટ, વન-ડે અને ટી૨૦ ક્રિકેટમાં નવી પ્લેઈંગ કન્ડિશનની જાહેરાત કરી હતી જે મુજબ હવે કોઈ ખેલાડીના માથામાં ઈજા (કન્કશન) થાય અને મેડીકલ ટીમ તેના ઈજાગ્રસ્ત જાહેર કરે તેવા સંજોગોમાં તે સાત દિવસ સુધી મેદાન પર પરત આવી શકશે નહીં. આ ઉપરાંત વાઈડ બોલ માટે પણ નવો નિયમ અમલી બનાવવામાં આવ્યો છે અને બાઉન્ડ્રી માટેના નિયમમાં પણ ફેરફાર કરાયા છે.

નવી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (૨૦૨૫-૨૦૨૭)નો શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચેની ટેસ્ટ સિરીઝથી પ્રારંભ થયો છે અને તે સાથે આ નવા નિયમ અમલી બનાવવામાં આવ્યા હોવાનું આઈસીસીએ જાહેર કર્યું હતું. આ જ બે ટીમ વચ્ચેની આગામી લિમિટેડ ઓવરની સિરીઝ સાથે વન-ડે અને ટી૨૦માં પણ નવા નિયમો અમલી બની જશે. બીજી જુલાઈથી શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચેની ત્રણ વન-ડે અને દસમી જુલાઈથી ત્રણ ટી૨૦ મેચની સિરીઝ રમાનારી છે. કન્કશન પ્લેયર માટેના નિયમ અંગે આઈસીસીએ જણાવ્યું હતું કે તેમાં બે પરિવર્તન લાવવામાં આવ્યા છે. વિવિધ ટીમોએ હવે દરેક મેચ માટે ખાસ કન્કશન રિપ્લેસમેન્ટ પ્લેયર જાહેર કરી દેવાનો રહેશે. આમ થવાથી ગૃહટીમને હવે વધારાનો લાભ મળશે નહીં કેમ કે અગાઉ ગૃહટીમ સંખ્યાબંધ ખેલાડીમાંથી એકની પસંદગી કરતી હતી. આઈસીસીએ એમ પણ જાહેરાત કરી હતી કે કોઈ ખેલાડી કન્કશનમાં ઈજાગ્રસ્ત જાહેર થાય તો તેણે સાત દિવસ સુધી બહાર રહેવું પડશે. મેચ દરમિયાન આ પ્રકારે ઘાયલ થયેલો ક્રિકેટર ઈજાગ્રસ્ત જાહેર થાય તો તેણે સાત દિવસના લઘુત્તમ સમયગાળા સુધી બહાર રહેવું પડશે. આઈસીસીની મેડિકલ સલાહકાર સમિતિએ આ ફેરફાર સૂચવ્યો હતો. આ નિર્ણય ખેલાડીની સુરક્ષા તથા સુખાકારી માટે લેવામાં આવ્યો છે તેમ આઈસીસીએ જણાવ્યું હતું.

આઈસીસીએ એમ પણ જણાવ્યું હતું કે, આ બે નવા નિયમો ઓક્ટોબર ૨૦૨૫થી ટેસ્ટ રમતા આઈસીસીના સંપૂર્ણ સદસ્ય ક્રિકેટ બોર્ડ માટે પ્રાયોગિક રહેશે. જેમાં વાઈડ બોલ માટેના નવા નિયમોનો પણ સમાવેશ થાય છે. હવેથી વાઈડ બોલ જાહેર કરવા માટે બોલ ફેંકાવાના સમયે બેટરના પગની પોઝિશનને ધ્યાનમાં રાખીને વાઈડ બોલ જાહેર કરાશે. બોલ ફેંકાયા બાદ બેટર ઓફ સાઈડમાં બહાર ચાલ્યો જશે તો પણ તેની અગાઉની પોઝિશન મુજબ અમ્પાયર વાઈડ અંગે નિર્ણય લેશે. આ નિયમ બોલરના લાભ માટે ધ્યાનમાં રાખવામાં આવ્યો છે કેમ કે સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ઝડપી બોલર અને આઈસીસીની મીડિયા સમિતિના પ્રતિનિધી શોન પોલોકે આ વર્ષના પ્રારંભમાં જાહેર કર્યું હતું કે ક્રિકેટની આ વૈશ્વિક સંચાલન સંસ્થા બોલર્સને વાઈડ બોલ અંગે રાહત આપવા માટે કાંઈક વિચારી રહી છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં અન્ય એક નિયમનો ટ્રાયલ થનારો છે. જ્યાં કોઈ ખેલાડી ઈલેવન જાહેર થયા બાદ ગંભીર રીતે ઘાયલ થાય તો તેના માટે ટીમ રિપ્લેસમેન્ટની જાહેરાત કરી શકશે. આઈસીસીએ જણાવ્યું હતું કે કોઈ ખેલાડી ટીમની જાહેરાત થયા બાદ ગંભીર રીતે ઘાયલ થાય (ટોસ બાદ વોર્મ અપ દરમિયાન થાય તો પણ) તેવા સંજોગોમાં ટીમ બાકીની મેચ દરમિયાન તેના જેવા જ બીજા ખેલાડીની નિયુક્તિ કરી શકશે.

### ક્રિકેટરના ઘરે ગુંજી કિલકારી, પત્નીએ આપ્યો પુત્રને જન્મ

## ઉભરતા ફાસ્ટ બોલર મુકેશ કુમારના ઘરે ખુશીનો માહોલ

**ઇંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણી દરમિયાન મુકેશ કુમારની પત્ની દિવ્યા સિંહે પુત્રને જન્મ આપ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮ :** ભારતીય ક્રિકેટ ટીમના ઉભરતા ફાસ્ટ બોલર મુકેશ કુમારના ઘરે કિલકારી ગુંજી છે. મુકેશની પત્ની દિવ્યા સિંહે પુત્રને જન્મ આપ્યો છે. ભારતીય ક્રિકેટરે પોતાના પુત્ર અને પત્ની સાથેનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે અને ચાહકોને ખુશખબર આપી છે. મુકેશ કુમારે સોશિયલ મીડિયા પર આ ખુશીની ક્ષણ તેના ચાહકો સાથે શેર કરી. પોતાની પોસ્ટમાં, તેણે પોતાના પુત્રના જન્મ વિશે માહિતી આપી અને આ નવા સભ્યનું તેમના પરિવારમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ પોસ્ટ તરત જ વાયરલ થઈ ગઈ અને ક્રિકેટ સમુદાયના સભ્યો, ટીમના સભ્યો અને અસંખ્ય ચાહકોએ તેને અને દિવ્યાને અભિનંદન આપી કહ્યા છે.

મુકેશ કુમાર અને દિવ્યા સિંહના લગ્ન ૨૮ નવેમ્બર, ૨૦૨૩ના રોજ થયા હતા. મુકેશે લવ મેરેજ કર્યા હતા, જેણે બિહારના ગોપાલગંજ જિલ્લાના આ યુવાન ક્રિકેટરના જીવનમાં એક નવો અધ્યાય ઉમેર્યો. લગ્નના લગભગ દોઢ વર્ષ પછી, હવે આ નાના મહેમાનનું હાસ્ય તેમના ઘરમાં ગુંજી ઉઠ્યું છે, જેનાથી તેમની ખુશીમાં વધુ વધારો થયો છે.

મુકેશ કુમારે તાજેતરના સમયમાં ભારતીય ક્રિકેટમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. તેણે પોતાની ઝડપી બોલિંગ અને સચોટ લાઈન-લેન્થથી પસંદગીકારોને પ્રભાવિત કર્યા છે. મુકેશે ત્રણેય ફોર્મેટમાં ભારત માટે ડેબ્યૂ કર્યું છે. તેણે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની છાપ છોડી છે અને સ્થાનિક ક્રિકેટમાં સતત શાનદાર પ્રદર્શન કર્યું છે. તે ઈંગ્લેન્ડ પ્રવાસ પર ઈન્ડિયા-એ ટીમનો પણ ભાગ હતો અને તેણે શાનદાર બોલિંગ કરી હતી, જે દર્શાવે છે કે તે ટૂંક સમયમાં સિનિયર ટીમમાં પાછો ફરી શકે છે. મુકેશે ૩ ટેસ્ટ, ૬ વનડે અને ૧૭ T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં અનુક્રમે ૭, ૫ અને ૨૦ વિકેટ લીધી છે.

## વિદેશ પ્રવાસ વચ્ચે જ અચાનક છોડી દીધી ટેસ્ટ ટીમની કમાન

**નઝમુલ હુસૈન શાંતોએ શ્રીલંકા પ્રવાસની વચ્ચે જ ટેસ્ટ શ્રેણી ગુમાવ્યા બાદ બાંગ્લાદેશી ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ છોડી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૨૮ :** હારથી હતાશ થઈને કેપ્ટને પ્રવાસની વચ્ચે જ ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ છોડી દીધી છે. ક્રિકેટ જગત પણ આ સમાચારથી આશ્ચર્યચકિત છે.

હકીકતમાં નઝમુલ હુસૈન શાંતોએ શ્રીલંકા પ્રવાસની વચ્ચે જ ટેસ્ટ શ્રેણી ગુમાવ્યા બાદ બાંગ્લાદેશી ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ છોડી દીધી છે. બાંગ્લાદેશને શ્રીલંકા સામેની બીજી ટેસ્ટ મેચમાં ઈનિંગ્સ અને ૭૮ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે ટીમે શ્રેણી ૦-૧થી ગુમાવી દીધી હતી, ત્યારબાદ નઝમુલ હુસૈન શાંતોએ બાંગ્લાદેશની ટેસ્ટ કેપ્ટનશીપમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા.

શનિવારે મેચ પછી પ્રેસ કોન્ફરન્સમાં નઝમુલ હુસૈન શાંતોએ કહ્યું, હું હવે ટેસ્ટ ફોર્મેટમાં કેપ્ટન તરીકે કામ કરવા માંગતો નથી. મેં ટીમના ભલા માટે આ નિર્ણય લીધો છે. મને લાગે છે કે આનાથી ટીમને મદદ મળશે. હું છેલ્લા કેટલાક વર્ષોથી ડ્રેસિંગ રૂમનો ભાગ છું. મને લાગે છે કે ત્રણ કેપ્ટન (ત્રણ આંતરરાષ્ટ્રીય ફોર્મેટ માટે) શાણપણભર્યા નથી. મને ખબર નથી કે બોર્ડ આ વિશે શું વિચારશે. હું બોર્ડના નિર્ણયને સમર્થન આપીશ, પરંતુ આ મારો વ્યક્તિગત નિર્ણય છે. મને લાગે છે કે ટીમ માટે ત્રણ અલગ અલગ કેપ્ટનો સાથે વ્યવહાર કરવો મુશ્કેલ બનશે.

નઝમુલ હુસૈન શાંતોએ આગ્રહ કર્યો હતો કે તેના નિર્ણયને ભાવનાત્મક અથવા તાજેતરની શ્રેણીની હારની પ્રતિક્રિયા તરીકે ન જોવો જોઈએ. તેણે કહ્યું, હું ઈચ્છું છું કે કોઈ એવું ન વિચારે કે આ નિર્ણય ભાવનાત્મક છે અથવા હું કોઈ વાતથી નિરાશ છું. હું સ્પષ્ટ કરવા માંગુ છું. આ ટીમના ભલા માટે છે. આ સાથે, શાંતોએ ખુલાસો કર્યો છે કે તેણે થોડા દિવસો પહેલા બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને તેના ઈરાદા વિશે જાણ કરી હતી.

આ મહિનાની શરૂઆતમાં નઝમુલ હુસૈન શાંતોને ODI કેપ્ટન પદ પરથી હટાવવામાં આવ્યો હતો. તેના સ્થાને મહેદી હસન મિરાઝને આ જવાબદારી સોંપવામાં આવી હતી. નઝમુલ હુસૈન શાંતોનો ટેસ્ટ કેપ્ટન તરીકેનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૩માં ન્યુઝીલેન્ડ સામેની ઘરેલુ શ્રેણીથી શરૂ થયો હતો. નઝમુલ હુસૈન શાંતોના નેતૃત્વમાં, બાંગ્લાદેશે ૧૪માંથી ચાર ટેસ્ટ મેચ જીતી હતી, જ્યારે તે નવ હારી ગયું હતું. આ સિવાય એક મેચ ડ્રો રહી હતી.

# ભારત-ફ્રાન્સ વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ : ભારતીય સેનાએ બતાવી જબરદસ્ત રણનીતિક કુશળતા

**આ અભ્યાસમાં ભારત તરફથી જમ્મુ કાશ્મીર રાઇફલ્સ બટાલિયનના અંદાજિત ૯૦ સૈનિક ભાગ લઈ રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**

ભારત અને ફ્રાન્સની સેનાઓ વચ્ચે ચાલી રહેલા સંયુક્ત સૈન્ય અભ્યાસ શક્તિ-VIII બંને દેશોની સેનાઓ વચ્ચે રણનીતિક સહયોગ અને ઓપરેશનલ લેવલની તાલમેલને વધુ મજબૂત કરી રહ્યા છે. આ અભ્યાસ ફ્રાન્સના દક્ષિણ ભાગમાં આવેલ કેમ્પ લારજેક, લા કાવાલરીમાં આયોજીત કરાઈ રહ્યો છે. આ અભ્યાસમાં ભારત તરફથી જમ્મુ કાશ્મીર રાઈફલ્સ બટાલિયનના અંદાજિત ૯૦ સૈનિક ભાગ લઈ રહ્યા છે. અભ્યાસમાં ભારત તરફથી જમ્મુ કાશ્મીર રાઈફલ્સ બટાલિયનના અંદાજિત ૯૦ સૈનિક ભાગ લઈ રહ્યા છે, જ્યારે ફ્રાન્સ સેના તરફથી ૧૩મી ડેમી-બ્રિગેડ ડે લેજિયન એન્ત્રાજેરે (વિદેશ સેના બ્રિગેડ) ભાગ લઈ રહી છે.

આ સૈન્ય યુદ્ધાભ્યાસ શહેરી અને અર્ધ-વિકસિત વિસ્તારોમાં કરાઈ રહ્યું છે. આ દરમિયાન બંને સેનાઓએ શહેરી યુદ્ધ, બાધા પાર કરવા, સંયુક્ત પેટ્રોલિંગ અને સૈનિકોની તૈનાતી જેવા અનેક મિશન-વિશેષ અભ્યાસ કર્યા. આ તમામ અભ્યાસ વાસ્તવિક યુદ્ધ સ્થિતિઓને અનુરૂપ કરાયા, જેનાથી સૈનિકોની રણનીતિક કુશળતા અને સ્ફૂર્તિમાં સુધારો થયો.

આ દરમિયાન વિશેષજ્ઞ ટીમોએ રેડિયો સિગ્નલ પકડવા, તેને જામ કરવા, સ્પેક્ટ્રમ નિયંત્રણ અને ડ્રોન નિષ્ક્રિય કરવા જેવા આધુનિક ટેક્નિકોનો અભ્યાસ કર્યો. તેનાથી બંને સેનાઓની આધુનિક યુદ્ધક્ષેત્રમાં કામ કરવાની ક્ષમતાને મજબૂતી મળી. આ અભ્યાસનું વિશેષ આકર્ષણ રહ્યું ચાર દિવસ એટલે ૯૬ કલાક ચાલનારું હાઈ-ઈન્ટેસિટી ફિલ્ડ ઓપરેશન. જેમાં બંને દેશોની સેનાઓએ એકસાથે મળીને બહુ-પરિમાણીય યુદ્ધ દૃશ્યને અંજામ આપ્યો. આ દરમિયાન સૈનિકોની સહનશક્તિ, નિર્ણય લેવાની ક્ષમતા અને નેતૃત્વ કૌશલની પરીક્ષા લેવાઈ.

ભારતના ફ્રાન્સ અને મોનાકોમાં રાજદૂત સંજીવ સિંગલાએ કેમ્પની મુલાકાત લઈને ભારતીય સૈનિકો સાથે મુલાકાત કરી. તેમણે સૈનિકોના પ્રોફેશનલિઝ્મના વખાણ કર્યા અને ભારત-ફ્રાંસ રક્ષા સહયોગમાં તેમના યોગદાનને મહત્ત્વનું ગણાવ્યું. તેમની મુલાકાતે સૈનિકોનું મનોબળ વધાર્યું.

### સુપ્રીમ કોર્ટે હત્યાના આરોપીને નિર્દોષ જાહેર કર્યો

## હથિયાર પર મળેલું લોહી, મૃતકનું બ્લડગ્રુપ મેચ થવાથી આરોપ સાબિત ના થાય

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**



આરોપીને નિર્દોષ જાહેર કરતાં રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદાને માન્ય રાખતા સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે મૃતકના બ્લડ ગ્રુપ જેવા જ લોહીથી ખરડાયેલા હથિયારની જપ્તી હત્યાના આરોપને સાબિત કરવા માટે પૂરતી નથી.ન્યાયાધીશ સંદીપ મહેતા અને પીબી વરાલેની બનેલી ખંડપીઠે રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદાને પડકારતી રાજ્ય સરકારની અપીલ ફગાવી દીધી હતી. હાઈકોર્ટે હત્યાના ગુનામાં એક આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો. અગાઉ ડિસેમ્બર 2008માં એડિશનલ સેશન જજે આરોપીને ભારતીય દંડ સંહિતા, 1860ની કલમ 302 હેઠળ સજાપાત્ર ગુના માટે દોષિત ઠેરવીને તેને આજીવન કેદ અને રૂ.100નો દંડ ભરવાની સજા ફટકારી હતી. દંડ ન ભરવાની સ્થિતિમાં વધુ 3 મહિનાની સાદી કેદનો પણ ચુકાદો આપ્યો હતો. ટ્રાયલ દરમિયાન પ્રતિવાદી પર છોટુ લાલની હત્યાનો આરોપ મૂકાયો હતો. આ હત્યા 1 અને 2 માર્ચ, 2007ની મધ્યરાત્રિએ થઈ હતી. શરૂઆતમાં, અજાણ્યા હુમલાખોરો સામે એફઆઈઆર દાખલ કરાઈ હતી અને પછીના તબક્કે શંકા અને સાંયોગિક પુરાવાના આધારે આ પ્રતિવાદીને કેસમાં આરોપી બનાવાયો હતો. ફરિયાદ પક્ષે ઈરાદાના સ્વરૂપમાં સાંયોજિક પુરાવા રજૂ કરી આરોપ મૂક્યો હતો કે પ્રતિવાદીની મૃતકની પત્ની પર ખરાબ નજર હતી. પુરાવા તરીકે ગુનાના હથિયારની જપ્તીનો ઉલ્લેખ કરીને જણાવાયું હતું કે FSL રિપોર્ટ મુજબ હથિયાર પરનું બ્લડ ગ્રુપ મૃતકના બ્લડ ગ્રુપ (B+ve) સાથે મેળ ખાય છે.રાજસ્થાન હાઈકોર્ટના મંતવ્ય સાથે સંમત થતાં જસ્ટિસ મહેતાની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે અમને લાગે છે કે ફરિયાદપક્ષે લોહીથી ખરડાયેલા હથિયારની જપ્તી અને ઈરાદાના સાંયોગિક પુરાવા પર આધાર રાખ્યો છે. આ પુરાવાને એકસાથે ધ્યાનમાં લેવામાં આવે તો પણ તે આરોપીને દોષિત ઠેરવવા માટે પૂરતા નથી. હાઈકોર્ટે FSL રિપોર્ટની અવગણના કરી હોય તેવું લાગે છે. જોકે જો FSL રિપોર્ટને ધ્યાનમાં લેવામાં આવે તો પણ આરોપીના સ્થળેથી મળેલ હથિયાર મૃતકના બ્લડ ગ્રુપ (B+ve) જેવા જ બ્લડ ગ્રુપ માટે પોઝિટિવ હોવાની હકીકત સિવાય આ રીપોર્ટમાં બીજી કોઈ વિગતો નથી.

## ઈરાનમાં ફરીવાર પરમાણુ એક્ટિવિટી શરૂ થયાનો દાવો : સેટેલાઈટ ઈમેજ દ્વારા ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૨૮**

ઈસ્ફાન સ્થિત ઈરાનની પ્રમુખ પરમાણુ સાઈટ સાથે જોડાયેલી નવી સેટેલાઈટ તસવીરોમાં મોટો ખુલાસો થયો છે. ૨૭ જૂનની આ તસવીરોમાં સ્પષ્ટરૂપે જોઈ શકાય છે કે, ઈરાને ઈસ્ફહાન યુરેનિયમ કન્વર્ઝન ફેસેલિટીની ભૂમિગત પરિસરમાં સ્થિત એક ટનલમાં પ્રવેશ દ્વારને ફરી ખોલી દીધું હતું, જે પહેલાં સીલ કરવામાં આવ્યું હતું. આ ટનલને ફરી ખોલાવના કારણની સત્તાવાર પુષ્ટિ નથી થઈ પરંતુ, આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે અમેરિકા વચ્ચે પરમાણુ તણાવ પોતાની ચરમ સીમા પર છે.

મળતી માહિતી મુજબ, અમેરિકન જોઈન્ટ સ્ટાફ ચેરમેન જનરલ ડેન કેને અમેરિકન સિનેટને જાણકારી આપી હતી કે, ઈસ્ફહાન સાઈટ પર થયેલા અમેરિકન હુમલામાં Massive Ordnance Penetrator' (બક્કર બસ્ટર બોમ્બ)નો ઉપયોગ કરવામાં નથી આવ્યો. તેના બદલે એક અમેરિકન પનડુબ્બીથી ટૉમહૉક મિસાઈલ દ્વારા વાર કરવામાં આવ્યો હતો.

અમેરિકાના હુમલા બાદ ઈરાને ફોર્ડો પરમાણુ સાઈટ પર ખોદકામ શરૂ કરી દીધું છે. થોડા દિવસોમાં ઈરાનને નુકસાનનો અંદાજો આવી જશે. મેક્સારની ૨૭જૂનની સેટેલાઈટ તસવીરોમાં જોઈ શકાય છે કે, ફોર્ડો ન્યૂક્લિયર સાઈટ પર ખોદકામ અને માટી દૂર કરનારી મશીન કામ કરી રહ્યા છે. આ સાઈટ પર અમેરિકાએ બોમ્બ વરસાવ્યા હતા.

ઈઝરાયલનું માનવું છે કે, આ તસવીરોમાં કદાચ એ ખતરનાક યુરેનિયમ કાઢવાનો પ્રયાસ જોવા મળી રહ્યો છે, જેના વિશે હજુ સુધી કોઈ જાણ નથી થઈ. તસવીરોમાં ટ્રક, જેસીબી અને ગાડીઓ સ્પષ્ટ રૂપે જોઈ શકાય છે.

અમેરિકન જોઈન્ટ ચીફ ઑફ સ્ટાફના ચેરમેન જનરલ કેને જણાવ્યું કે, ઈસ્ફહાનની આ પરમાણુ સુવિધા એટલા ઊંડાણ પર સ્થિત છે કે, બક્કર બસ્ટર બોમ્બ પણ ત્યાં અસર નહીં કરે, તેથી ટૉમહૉક મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ફરી એકવાર ઈરાનને લઈને કડક વલણ દર્શાવ્યું છે. જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, જરૂર પડ્યે તે ફરી ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલો કરશે તો તેના જવાબમાં તેમણે કોઈપણ સંકોચ વિના કહ્યું કે, હા જરૂર, કોઈપણ સવાલ વિના.

## પાકિસ્તાની સેના પર મોટો હુમલો, ૧૩ સૈનિકો મોતને ઘાટ ઉતર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ખૈબર પખ્તુનખ્વા, તા.૨૮**

શનિવારે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયેલા આત્મઘાતી હુમલામાં ૧૩ સૈનિકો માર્યા ગયા હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. આ ઉપરાંત, ૧૦સૈનિકો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે. આ હુમલો ત્યારે થયો, જ્યારે લશ્કરી કાફલો ઉત્તર વઝીરિસ્તાનના ઉત્તરપશ્ચિમ જિલ્લામાંથી પસાર થઈ રહ્યો હતો. આ વિસ્તાર અફઘાનિસ્તાનની સરહદની નજીક આવેલો છે અને લાંબા સમયથી આતંકવાદથી પ્રભાવિત છે.

હુમલામાં, આત્મઘાતી બોમ્બરે વિસ્ફોટકોથી ભરેલું વાહન કાફલામાં ઘુસાડ્યું હતું, જેના કારણે મોટો વિસ્ફોટ થયો હતો. આ હુમલામાં ઘણા સૈનિકો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે. અત્યાર સુધી કોઈ સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) અથવા તેની સાથે સંકળાયેલા કોઈપણ જૂથનો હાથ હોઈ શકે છે.

આ વિસ્તારમાં ભૂતકાળમાં પણ આવા ઘાતક હુમલાઓ થયા છે. સેના અને સુરક્ષા એજન્સીઓ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે, જ્યારે ઘાયલોને નજીકની લશ્કરી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. આ હુમલાથી પાકિસ્તાનની સુરક્ષા વ્યવસ્થા પર ફરી મોટા પ્રશ્નો ઉભા થયા છે.

ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ ૨૦૨૫ના તાજેતરના અહેવાલ મુજબ, ૨૦૨૪માં પાકિસ્તાનમાં આતંકવાદી હુમલાઓને કારણે મૃત્યુઆંક ચિંતાજનક રીતે વધ્યો છે. ૨૦૨૩માં આતંકવાદી હુમલાઓમાં ૭૪૮ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૦૨૪માં આ સંખ્યા ૧,૦૮૧ પર પહોંચી ગઈ છે, જે લગભગ ૪૫%નો વધારો છે. આ વધારાને કારણે પાકિસ્તાન હવે વિશ્વમાં આતંકવાદથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં બીજા સ્થાને આવી ગયું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાનમાં ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાન જેવા વિસ્તારો ઉગ્રવાદી પ્રવૃત્તિઓના કેન્દ્રો બની ગયા છે, જ્યાં સુરક્ષા દળો અને નાગરિકો બંનેને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

## ઇઝરાયલે ગાઝા પર ફરી બોમ્બ વરસાવ્યા, ૩૪ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાઝા, તા.૨૮**

ઈઝરાયલે શુક્રવારે અને શનિવારે ગાઝા પર કરેલા હુમલામાં ઘણા લોકોના મોત થયા છે. શિફા હૉસ્પિટલના કર્મચારીઓના કહેવા પ્રમાણે ગાઝા શહેરના ફલિસ્તીન સ્ટેડિયમમાં ૧૨ લોકોના મોત થયા હતા.

આરોગ્ય કર્મચારીઓનું કહેવું છે કે, આ હુમલામાં ગાઝામાં આશરે ૩૪ લોકોના મોત થયા છે. હૉસ્પિટલના કહેવા પ્રમાણે દક્ષિણ ગાઝામાં મુવાસીમાં વિસ્થાપિત લોકો માટે લગાવવામાં આવેલા તંબુ પર હુમલામાં ૬ લોકોના મોત થયા છે.

ઈઝરાયલ દ્વારા આ હુમલો એવા સમયે થયો હતો કે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, આવતા અઠવાડિયાની અંદર યુદ્ધવિરામ કરાર થઈ શકે છે. શુક્રવારે ઓવલ ઑફિસમાં પત્રકારોના સવાલોના જવાબ આપતાં ટ્રમ્પે કહ્યું હતું કે, અમે ગાઝા પર કામ કરી રહ્યા છીએ અને તેને સંભાળવાની કોશિશ કરી રહ્યા છીએ. આ અંગે પરિસ્થિતિથી વાકેફ એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઇઝરાયલના વ્યૂહાત્મક બાબતોના પ્રધાન રોન ડર્મર ગાઝા યુદ્ધવિરામ, ઈરાન અને અન્ય મુદ્દાઓ પર વાતચીત માટે આવતા અઠવાડિયે વોશિંગ્ટન પહોંચશે.

### બીજી ઈનિંગ્સમાં સદી ફટકારી ત્યારે કરવાનું ટાળ્યું હતું

## બેટ્સમેન રિષભ પંતની ગુલાંટવાળી ઉજવણી પર લાગી ગયો પ્રતિબંધ?

**કોચ ગૌતમ ગંભીરે રિષભ પંતને આમ ન કરવાની સલાહ આપી હતી જેથી કોઈ ઈજા થવાનું જોખમ ન રહે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**

ભારતીય ક્રિકેટ ટીમના વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચની બંને ઈનિંગ્સમાં શાનદાર સદી ફટકારીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. આ પહેલા કોઈ ભારતીય વિકેટકીપર આ સિદ્ધિ મેળવી શક્યો નથી. સદી ફટકાર્યા પછી પંતનો ઉજવણીનો અનુભવ પણ વાયરલ થયો છે. ઈન્ડિયન પ્રીમિયર લીગની પોતાની છેલ્લી લીગ મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટને સદી ફટકાર્યા પછી ફ્રન્ટફ્લિપ ફટકારીને આખા સ્ટેડિયમને રોમાંચિત કરી દીધું હતું. લીડ્સ ટેસ્ટની પહેલી ઈનિંગ્સમાં પણ આ જ ઉજવણી જોવા મળી હતી, પરંતુ જ્યારે તેણે બીજી ઈનિંગ્સમાં સદી ફટકારી ત્યારે પંતે આવું કરવાનું ટાળ્યું હતું. આ પાછળનું કારણ કોચ ગૌતમ ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

રિષભ પંતને ગમે તેટલી ટીકાનો સામનો કરવો પડ્યો હોય પરંતુ તેણે પોતાની રમતમાં ફેરફાર કર્યો નથી. ઓસ્ટ્રેલિયામાં રમાયેલા શોટ્સ માટે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરે તેને કોમેન્ટ્રી બોક્સમાંથી ઠપકો આપ્યો હતો, પરંતુ તેમને ઈંગ્લેન્ડમાં તે શોટ્સની પ્રશંસા કરવાની ફરજ પડી હતી. લીડ્સમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ટેસ્ટની પહેલી ઈનિંગમાં સદી ફટકાર્યા પછી જ્યારે રિષભ પંતે ફ્રન્ટફ્લિપ સાથે ઉજવણી કરી હતી, ત્યારે ગાવસ્કર સૌથી વધુ ખુશ થયા હતા. તેમણે આ ખેલાડીની ખૂબ પ્રશંસા પણ કરી હતી.

જ્યારે પંતે મેચની બીજી ઈનિંગમાં સદી ફટકારી, ત્યારે સુનીલ ગાવસ્કર ગેલેરીમાં આવ્યા અને વારંવાર તેને ગુલાંટ મારવાની વિનંતી કરતા જોવા મળ્યા હતા. બધાને આશ્ચર્ય થયું કે આ ભારતીય ખેલાડીએ તેની સિગ્નેચર સ્ટાઈલમાં ઉજવણી કેમ ન કરી. રિષભ પંતે સુનીલ ગાવસ્કર જેવા દિગ્ગજ ખેલાડીની વિનંતી પણ નકારી કાઢી હતી. બધાને આશ્ચર્ય થયું કે તેમણે પોતાની બીજી સદી ફટકાર્યા પછી ફ્રન્ટફ્લિપ કેમ ન કરી? સૂત્રોએ ક્રિકબ્લોગરને જણાવ્યું હતું કે ભારતીય મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ખાસ કરીને રિષભ પંતને આવું કરવાની મનાઈ ફરમાવી હતી. સદી ફટકાર્યા પછી તે જે રીતે ફ્રન્ટફ્લિપ કરે છે તેનાથી તે ઘાયલ થઈ શકે છે. ખેલાડીને ઉજવણી કરવાથી પ્રતિબંધિત કરવા પાછળ કોચ ગૌતમ ગંભીરે આ ડર વ્યક્ત કર્યો હતો. તેને આમ ન કરવાની સલાહ આપી હતી જેથી કોઈ ઈજા થવાનું જોખમ ન રહે.

રિષભ પંતે પહેલી ટેસ્ટની બન્ને ઈનિંગ્સમાં શાનદાર બેટિંગ કરીને બન્નેમાં સદી લગાવી હતી, પરંતુ ભારતીય બોલરો અને પૂછડિયા ખેલાડીઓનો સાથ ન મળતા ટીમ ઈંગ્લેન્ડ સામે પોતાની સ્થિતિને મજબૂત બનાવી શકી નહોતી અને ટેસ્ટના અંતિમ અને નિર્ણાયક દિવસે ઈંગ્લેન્ડે પહેલી ટેસ્ટ જીતી લીધી હતી.

<u>ટ્રમ્પે ગાઝા યુદ્ધ અંગે પણ કરી મોટી જાહેરાત</u>

# ઈરાન પરમાણુ શસ્ત્રો બનાવશે તો ફરી હુમલો થશે: ડોનાલ્ડ ટ્રમ્પ

## ટ્રમ્પે એ દાવાઓને પણ ફગાવી દીધા હતા કે ઈરાનના પરમાણુ સ્થળોને એટલું નુકસાન થયું નથી જેટલો તે દાવો કરી રહ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થયો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ બાદ ક્ષેત્રમાં ફરી શાંતિ સ્થાપિત થઈ છે. આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કહ્યું છે કે ઈરાનના પરમાણુ સ્થળોનો હવાઈ હુમલા દ્વારા સંપૂર્ણપણે નાશ કરવામાં આવ્યા છે. જો જરૂર પડશે તો અમે ફરી ઈરાન પર હુમલો કરવામાં ખચકાઈશું નહીં. જો ઈરાન ભવિષ્યમાં ફરી સંવેદનશીલ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરશે તો અમેરિકા તેના પર એટેક કરશે. ટ્રમ્પે એ દાવાઓને પણ ફગાવી દીધા હતા કે ઈરાનના પરમાણુ સ્થળોને એટલું નુકસાન થયું નથી જેટલો તે દાવો કરી રહ્યા હતા. તેમણે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી અથવા અન્ય કોઈ પ્રતિષ્ઠિત સ્રોત દ્વારા ઈરાનના પરમાણુ સ્થળોના નિરીક્ષણને સમર્થન આપ્યું છે.

આ દરમિયાન ટ્રમ્પ દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ગાઝામાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ યુદ્ધ ૧૫ દિવસમાં સમાપ્ત થઈ જશે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ અને ઈઝરાયલી વડાપ્રધાન નેતન્યાહૂ ગાઝામાં યુદ્ધ બંધ કરવા અને અબ્રાહમ એકોર્ડનો વિસ્તાર કરવા સંમત થયા છે.

યુએઈ અને ઈજિપ્તના સહયોગથી ઈઝરાયલના નેતૃત્વમાં ગાઝામાં સરકાર ચલાવવાની પણ વાત થઈ છે.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું જો ઈરાન ચિંતાજનક સ્તર સુધી યુરેનિયમ સંવર્ધન કરશે તો તો અમારા માટે ચિંતાનો વિષય છે.

વ્હાઈટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મીડિયાના



પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે હું ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈની ટિપ્પણીઓનો ટૂંક સમયમાં જવાબ આપવાનું વિચારી રહ્યા છે.

હકીકતમાં, યુદ્ધવિરામ પછી ખામેનેઈએ કહ્યું હતું કે ઈરાને કતારમાં અમેરિકન સૈન્ય મથકનો નાશ કર્યો છે. આ અમેરિકાના મોઢા પર તમાચો છે.

<u>કાંટા લગા સોંગને કારણે પ્રસિદ્ધિ મળી હતી</u>

# જાણીતી અભિનેત્રી શેફાલી જરીવાલાનું હાર્ટએટેકથી નિધન

## અભિનેત્રીનો પાર્થિવ દેહ રાતે લગભગ ૧૨:૩૦ વાગ્યે અંધેરીમાં કપૂર હોસ્પિટલમાં લવાયો હતો જ્યાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

કાંટા લગા... ગીતને કારણે પ્રસિદ્ધ થઈ ચૂકેલી જાણીતી અભિનેત્રી અને મોડેલ શેફાલી જરીવાલાનું હાર્ટએટેકને કારણે નિધન થઈ ગયું છે. આ અહેવાલ બાદથી બોલિવૂડમાં શૉકનો માહોલ છવાયો છે. તેમના પતિ પરાગ ત્યાગીએ શેફાલીને છાતીમાં દુઃખાવાની ફરિયાદને પગલે હોસ્પિટલ પહોંચાડી હતી પરંતુ ત્યાં ડૉક્ટરોએ સારવાર દરમિયાન તેને મૃત જાહેર કરી દીધી હતી. તેમનો પાર્થિવ દેહ રાતે લગભગ ૧૨:૩૦ વાગ્યે અંધેરીમાં કપૂર હોસ્પિટલમાં લવાયો હતો જ્યાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

હોસ્પિટલના આસિસ્ટન્ટ મેડિકલ ઓફીસરે આ મામલે માહિતી આપી હતી કે અહીં તેમનો મૃતદેહ લાવતા પહેલા આ લોકો કોઈ અન્ય હોસ્પિટલમાં ગયા હતા. એટલા માટે મૃત્યુનું કારણ પોસ્ટમોર્ટમ પછી જ જાણી શકાશે. આ દરમિયાન મુંબઈ પોલીસ મોડી રાત્રે શેફાલીના અંધેરી સ્થિત ઘરે તપાસ માટે પહોંચી હતી.

ફોરેન્સિક ટીમ પણ ઘટનાસ્થળે હાજર હતી અને ઘરની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. જોકે, શેફાલીના મૃત્યુ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી, પરંતુ પોલીસ અને ફોરેન્સિક ટીમ જે રીતે તપાસ કરી રહી છે તે જોતાં આ કેસ શંકાસ્પદ લાગી રહ્યો છે.

શેફાલી જરીવાલાએ પોતાના શાનદાર અભિનય અને સુંદરતાથી દર્શકોના દિલ જીતી લીધા. ૨૦૦૨માં રિલીઝ થયેલા આઈકોનિક મ્યુઝિક વિડીયો 'કાંટા લગા'માં તેના નૃત્યે તેને રાતોરાત પ્રખ્યાત બનાવી દીધી. શેફાલીનો ગ્લેમરસ લુક, ઘણી જગ્યાએ ટેટૂ, કમરમાં બેલી બટન, પિયર્સિંગ અને આધુનિક પોશાક પહેરવાથી તે 'કાંટા લગા ગર્લ' તરીકે પ્રખ્યાત થઈ. આ મ્યુઝિક વિડીયો પ્રખ્યાત થયા પછી દેશમાં રિમિક્સ સંગીતનો એક નવો યુગ શરૂ થયો હતો.

# ડોનાલ્ડ ટ્રમ્પનો વધુ એક યુટર્ન : ઈરાનમાં રૂ.૨.૫ લાખ કરોડનાં રોકાણનો અમેરિકાનો પ્રસ્તાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તહેરાન, તા.૨૮**

ઈરાનને તેના સિવિલ એનર્જી પ્રોડકશન ન્યૂક્લીયર પ્રોગ્રામને વિકસિત કરવામાં મદદ કરવા માટે અમેરિકા વિચારી રહ્યું છે. અમેરિકાએ ઈરાનને ૩૦ અબજ ડોલર (લગભગ ૨.૫ લાખ કરોડ રૂપિયા)ના રોકાણનો પ્રસ્તાવ આપ્યો છે. જે અંતર્ગત ઈરાન યુરેનિયમના સંવર્ધન વિના સિવિલ એનર્જી માટે પરમાણુ કાર્યક્રમ શરૂ કરી શકે છે. આ ડીલ અંતર્ગત ઈરાનને કેટલાક પ્રતિબંધોમાંથી છૂટ મળી શકે છે અને ઈરાનને વિદેશી બેંકોમાં જમા ૬ અબજ ડોલર સુધીની રકમ પરત મળી શકે છે, જેના પર હાલ પ્રતિબંધ છે. સિવિલ એનર્જી પ્રોડક્શ ન્યૂક્લીયર પ્રોગ્રામ એવો પરમાણુ કાર્યક્રમ હોય છે, જેનો ઉપયોગ ફક્ત વિજળી કે ઉર્જા બનાવવા માટે થાય છે, નહીં કે પરમાણુ હથિયાર બનાવવા માટે. એમાં ન્યૂક્લીયર પાવર પ્લાન્ટ બનાવાય છે જે પરમાણુ રિએક્શનનો ઉપયોગ કરીને વીજળી પેદા કરે છે. તેનો સૈન્ય હેતુઓ કે હથિયારો સાથે કોઈ સંબંધ હોતો નથી.આ પગલું અમેરિકા અને ઈરાનની વચ્ચે શાંતિ વાતચીત શરૂ કરવાની કોશિશ હિસ્સો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ૨૦ જૂને વ્હાઈટ હાઉસમાં અમેરિકાના દૂત સ્ટીવ વિટકોફ અને ખાડી દેશોના નેતાઓની વચ્ચે એક સીક્રેટ બેઠક યોજાઈ હતી. એમાં આ પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. અમેરિકાનું કહેવું છે કે એ આ કાર્યક્રમ માટે સીધા પૈસા આપશે નહીં. પરંતુ આશા છે કે ખાડી દેશના બીજા દેશો એમાં રોકાણ કરશે. બીજી તરફ, ઈરાનના વિદેશમંત્રીએ અમેરિકાને લઈને અલગ વાત કરી છે. વિદેશ મંત્રી સઈદ અબ્બાસ અરાઘચીએ દાવો કર્યો છે કે અમેરિકાની સાથે ફરીથી વાતચીત શરૂ કરાઈ નથી. અરાઘચીએ કહ્યું કે વાતચીત ફરીથી શરૂ કરવા પર વિચારણા કરવામાં આવી રહી છે. પરંતુ એ વાત પર નિર્ભર કરશે કે તહેરાનના રાષ્ટ્રીય હિતોની સુરક્ષા કરવામાં આવે છે કે નહીં.તેમણે ઉમેર્યુ કે, અમારો નિર્ણય સંપૂર્ણપણે ઈરાનના હિતો પર આધારિત હશે. જો અમારા હિતો માટે વાતચીત થવી જરુરી છે તો અમે તેના પર વિચાર કરીશું. પરંતુ આ સ્તર પર, કોઈ સમજૂતી કે વચન આપવામાં આવ્યું નથી અને કોઈ વાતચીત થઈ નથી.

# ખામનેઈ અમને ન મળ્યા, નહીંતર ઠાર મારી દેત : ઈઝરાયેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તેલ અવિવ, તા.૨૮**

ઈઝરાયેલે ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામનેઈની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. ઈઝરાયેલની એજન્સીઓએ અમેરિકાને પણ જાણ કર્યા વગર ખામનેઈને બોમ્બથી ઉડાવી દેવાનું ષડયંત્ર રચ્યું હતું. એ વાત હવે ઈઝરાયેલે ખુદ કબૂલી છે.ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી કેટ્ઝે દાવો કર્યો કે અમે ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામનેઈને શોધવાની બહુ કોશિશ કરી, પરંતુ ક્યાંય ભાળ મળી નહીં. જો એ મારી નજરે ચડયા હોત તો અમે એને ચોક્કસ ઠાર મારી દેત. એ જ અમારું આયોજન હતું. ખામનેઈને એ બાતમી મળી ગઈ હતી એટલે તેમણે બંકરમાં છુપાઈને પોતાનો જીવ બચાવી લીધો. જો ક્યાંક બહાર છુપાયા હોવાની બાતમી મળી હોત તો અમે તેમને ઉડાવવા માટે આખી બિલ્ડિંગ ઉડાવી દીધી હોત.ઈઝરાયેલના ડિફેન્સ મિનિસ્ટરે તો ત્યાં સુધી દાવો કર્યો કે ખામનેઈએ છેલ્લે છેલ્લે તો તેમના કમાન્ડર્સનો પણ સંપર્ક કરવાનું બંધ કરી દીધું. તેમનું પગેરું મેળવવાનું અશક્ય બની ગયું એટલે અમે તેમને આખરે છોડી દેવાનો નિર્ણય કર્યો. તેમણે ઉમેર્યુ કે ખામનેઈને મારવા માટે ઈઝરાયેલને અમેરિકાની પરવાનગીની જરૂર ન હતી. અમારે આવી બાબતોમાં અમેરિકાને જણાવવાનું હોતું નથી.ઈઝરાયેલે એવુંય કહ્યું કે સંઘર્ષવિરામ થઈ ચૂક્યો હોવાથી હવે ખામનેઈને મારવાની કોશિશ નહીં થાય, તેમ છતાં ઈઝરાયેલના સંરક્ષણ મંત્રીએ ચેતવણી આપી કે તેઓ બંકરમાં રહે એ રસ્તો જ સૌથી સુરક્ષિત છે. તેમણે બંકરમાં જ સલામત રહેવું જોઈએ.




<u>'સરદારજી ૩'માં નીરુ બાજવા લીડ રોલમાં હતી</u>

# નીરુ બાજવાએ હાનિઆને અનફોલો કરીને દિલજિતનું ટ્રેલર પણ ડિલીટ કર્યું




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૮**

દિલજિત દોસાંજની ફિલ્મ 'સરદારજી ૩' સાથેના વિવાદો એક પછી એક વધી જ રહ્યા છે. આ ફિલ્મમાં પંજાબી એક્ટ્રેસ નીરુ બાજવા લીડ રોલમાં હતી. પરંતુ હવે તેણે પણ આ ફિલ્મનો વિરોધ દર્શાવ્યો છે. એક તરફ તેની ફિલ્મ વિદોશમાં રિલીઝ થઈ રહી છે, ત્યાં નીરુ બાજવાએ પોતાના સોશિયલ મીડિયા પરથી ફિલ્મનું ટ્રેલર, ગીતો વગેરે બધું જ ડિલીટ કરી દીધું છે. તે આ ફિલ્મથી પોતાને દૂર રાખવા માગતી હોય એવું લાગે છે.નીરુએ દિલજિત સાથે પહેલાં પણ કેટલીક ફિલ્મોમાં કામ કર્યું છે, તે હજુ પણ દિલજિતને ઈન્સ્ટાગ્રામ પર ફોલો પણ કરે છે. પરંતુ હવે તે પાકિસ્તાની એક્ટ્રેસ હાનિઆ આમિરને ફોલો કરતી નથી, જ્યારે ફિલ્મનું ટ્રેલર એક મહિના પહેલાં લોંચ થયું ત્યારે તે હાનિઆને ફોલો કરતી હતી. પરંતુ હવે તેના ઈન્સ્ટાગ્રામ પેજ પર ફિલ્મનું ટ્રેલર કે ગીતો કશું જ દેખાતું નથી. તેની છેલ્લી ફિલ્મ 'સન ઓફ સરદાર ૨'ના ગીત અંગે તેની છેલ્લી પોસ્ટ દેખાય છે. તેણે એક ફૅનની આ ફિલ્મમાં નીરુના ગીત અંગેની એક પોસ્ટ રીશેર પણ કરી હતી.પાકિસ્તાની એક્ટ્રેસ હાનિઆ આમિરે 'સરદારજી ૩'માં કામ કર્યું તેના કારણે આ ફિલ્મ વિવાદમાં ફસાઈ છે. જોકે, દિલજિત હજુ પણ હાનિઆની તરફેણ કરી રહ્યો છે. તેથી સોશિયલ મીડિયા પર નીરુના આ પગલાંનાં પણ વખાણ થઈ રહ્યાં છે. બીજી તરફ જ્યારે દિલજિતની ફિલ્મ ભારતમાં રિલીઝ ન થઈ શકી, તો ફિલ્મને નુકસાન થવા અંગે પણ કેટલાંક લોકોએ કહેલું કે દિલજિતને તેનાથી કોઈ ફરક પડતો નથી. એ તો કોન્સર્ટ અને શોમાંથી એ રકમનું વળતર મેળવી લેશે. 'સરદારજી ૩' એક હોરર કોમેડી ફિલ્મ છે, જે અત્યાર સુધીની સૌથી મોંઘી પંજાબી ફિલ્મ મનાય છે. જે અમર હુંડાલ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. તે સરદારજી ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ છે. જેમાં દિલજિત અને નીરુ લીડ રોલમાં છે.




## 'હું એક કે દોઢ ચમચી જ ભાત ખાઉં છું' : સલમાન ખાન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૮**

અભિનેતા સલમાન ખાન હંમેશાં તેની ફિટનેસ, મજાકિયો સ્વભાવ અને સ્પષ્ટ વાતો માટે જાણીતો છે. હાલમાં તે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના નવા સિઝનના પહેલા એપિસોડમાં જોવા મળ્યો હતો. આ શોમાં સલમાન સાથે કપિલ શર્મા, અર્ચના પૂરણ સિંહ, નવજોત સિંહ સિદ્ધુ, સુનીલ ગ્રોવર, જેવા ઘણા કોમેડિયન્સ પણ હાજર હતા. સલમાનનો આ એપિસોડ સોશિયલ મીડિયા પર છવાઈ ગયો હતો. યૂઝર્સને તેના મજેદાર કિસ્સાઓ સાથે તેની પર્સનલ લાઈફથી જોડાયેલી વાતોને ખૂબ પસંદ કરી રહ્યા છે.શો દરમિયાન સલમાનને તેના પિતા સલીમ ખાનની સ્વાસ્થ્ય અને ફિટનેસ વિશે વાત કરી હતી. સલમાને જણાવ્યું કે તેના પપ્પા, સલીમ ખાન, જે હવે ૮૯ વર્ષના છે, આજે તે દરરોજ સવારે બાંદ્રા બેન્ડસ્ટેન્ડ સુધી વૉક કરવા જાય છે. સલમાને હસતા-હસતા કહ્યું, "પપ્પા કહે છે કે હવે તેમની ભૂખ ઘટી ગઈ છે, પરંતુ સાચું એ છે કે તેઓ આજે પણ દિવસમાં બે વાર ૨-૩ પરોઠા, ભાત, શાક અને મીઠાઈ ખાય છે. તેમનો મેટાબોલિઝમ અને નિષ્ઠા બંને કમાલની છે."સલમાને પોતાની ડાયટ વિશે પણ જણાવ્યું કે તે બધું ખાય છે, પરંતુ ક્યારેય ઓવરઈટિંગ નથી કરતો. તેણે કહ્યું, "મેં ફક્ત એક કે દોઢ ચમચી ભાત , જે પણ શાક હોય, અને નોનવેજ ખાઈ લઉં છું."સલમાને શોમાં વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે તે પોતાને ફિટ રાખવા માટે હંમેશાં બેલેન્સ્ડ ડાયટ અને એક્સરસાઈઝ પર ધ્યાન આપે છે. તેણે બૉલિવૂડમાં ફિટનેસ અને જિમ કલ્ચરને પૉપ્યુલર બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. તેને જોઈને ઈન્ડસ્ટ્રીના ઘણા એક્ટર્સે ફિટનેસને ગંભીરતાથી લેવાનું શરૂ કર્યુ. સલમાને કહ્યું કે સીનિયર એક્ટર્સ પણ પોતાની સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખે છે.

# દિલજીત દોસાંઝના સમર્થનમાં જાણીતા સિંગરની વિવાદિત ટિપ્પણી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૮**

દિલજીત દોસાંઝને આજકાલ પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિર સાથે તેની આગામી ફિલ્મ 'સરદારજી ૩' માં કામ કરવા બદલ ઘણી ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સિંગર મીકા સિંહ અને બી પ્રાકે પણ દિલજીતની ઘણી ટીકા કરી હતી. પરંતુ પંજાબી ગાયક જસબીર જસ્સી હવે દિલજીતના સમર્થનમાં આગળ આવ્યા છે અને લોકોના બેવડા ધોરણોની ટીકા કરી છે.

એક ઈન્ટરવ્યુ દરમિયાન, પંજાબી ગાયક જસબીર જસ્સી દિલજીતના સમર્થનમાં આગળ આવ્યા. તેમણે કહ્યું કે, 'હું જોઈ રહ્યો છું કે દિલજીત દોસાંઝ અને તેની ફિલ્મ સોશિયલ મીડિયા પર વિરોધનો સામનો કરી રહી છે કારણ કે તે ફિલ્મમાં એક પાકિસ્તાની કલાકાર છે. હું લોકોની લાગણીઓનું સન્માન કરું છું કે આપણે આપણા દેશને પ્રેમ કરવો જોઈએ અને આપણે આપણા દેશ સાથે ઊભા રહેવું જોઈએ. પણ આ બેવડા ધોરણો શા માટે? તમે નથી ઈચ્છતા કે કોઈ પાકિસ્તાની કલાકાર ભારતીય ફિલ્મમાં ગીતો ગાય, અભિનય કરે કે કામ કરે અને તમે તેમના પર પ્રતિબંધ મૂકવા માંગો છો. પરંતુ આપણા ઉદ્યોગના ૮૦% ગીતો ચોરેલા છે, પછી ભલે તે ધૂન હોય કે ગીતના શબ્દો હોય કે આખા ગીતો. આપણી ફિલ્મોમાં ઘણા બધા ગીતો એવા છે જે પાકિસ્તાનના કલાકારો દ્વારા ગવાયેલા છે... તો, આ બેવડા ધોરણો કેમ? જસબીર જસ્સીએ આગળ કહ્યું, 'કાં તો યુટ્યુબ, સ્પોટિફાઇ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પરથી બધા ગીતો દૂર કરો. પરંતુ એવું નથી કે તમે કોઈ એક કલાકારને લઈને તેની સામે વિરોધ પ્રદર્શન શરૂ કરી દો. આ એવું છે કે, જાણે કોઈ તમારા ઘરે જમવા આવે અને પછી તમે તેને દુશ્મન કહી દો. પરંતુ, તમે તેની સાથે લાવેલી વસ્તુ અને મીઠાઈ ખાઇ લો છો. જો તમે પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મૂકવા ઈચ્છો છો, તો તેમના પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ મૂકી દો. દુનિયામાં હાજર તમામ કોન્ટેન્ટને દૂર કરી દો.'

હાલમાં, દિલજીતની ફિલ્મ 'સરદાર જી ૩'ની આખી ટીમ ફિલ્મમાં હાનિયા આમિરનો સમાવેશ કરવાને કારણે ભારે ટીકાનો સામનો કરી રહી છે. જોકે, દિલજીત દોસાંઝ અને નીરુ બાજવા અભિનિત આ ફિલ્મ ભારતમાં રિલીઝ નથી થઈ રહી. તે ૨૭ જૂને વિદેશમાં રિલીઝ થશે. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકી હુમલા અને પછી ૭ મેના રોજ ભારતના ઓપરેશન સિંદૂર પછી આ વિવાદ સામે આવ્યો છે, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા.

# સોનાક્ષી સિંહાની ફિલ્મ 'નિકિતા રોય'ની રીલીઝ છેલી ઘડીએ મુલતવી : સોનાક્ષી સિંહાની ફિલ્મ ૨૭ જૂને રિલીઝ થવાની હતી

## ફિલ્મ નિર્માતાઓ અને અભિનેત્રી સોનાક્ષી સિંહાએ ઇન્સ્ટાગ્રામ પર ફિલ્મ સંબંધિત એક પોસ્ટ શેર કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૮**

બોલીવુડ અભિનેત્રી સોનાક્ષી સિંહા આ દિવસોમાં તેની ફિલ્મ 'નિકિતા રોય' માટે સમાચારમાં છે. આ ફિલ્મ આ શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે ફિલ્મ તેની રિલીઝના એક દિવસ પહેલા જ મુલતવી રાખવામાં આવી છે. નિર્માતાઓએ જાહેરાત કરી છે કે આ ફિલ્મ ૧૮ જુલાઈએ રિલીઝ થશે. કાજોલ અભિનીત 'મા' અને અક્ષય કુમારની ફિલ્મ 'કનપ્પા' ૨૭ જૂને રિલીઝ થઈ છે. સોનાક્ષી સિંહાની ફિલ્મ પણ ૨૭ જૂને રિલીઝ થવાની હતી. પરંતુ રિલીઝ પહેલા જ નિર્માતાઓએ રિલીઝ તારીખ લંબાવવાની જાહેરાત કરી છે.






અભિનેત્રી સોનાક્ષીએ પણ સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી આપી છે.

ફિલ્મ નિર્માતાઓ અને અભિનેત્રી સોનાક્ષી સિંહાએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ સંબંધિત એક પોસ્ટ શેર કરી છે. જેમાં તેણીએ લખ્યું છે, 'મિત્રો! આપણે ઘણી રિલીઝ અને સ્ક્રીન માટે લડાઈ વચ્ચે છીએ. ફિલ્મ સમુદાય, શુભેચ્છકો, પ્રદર્શકો અને વિતરકોની સલાહથી, અમે ફિલ્મની રિલીઝ તારીખ ૧૮ જુલાઈ સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે. નોંધનીય છે કે ૨૭ જૂને કાજોલ સ્ટારર ફિલ્મ 'મા' અને અક્ષય કુમાર-પ્રભાસ સ્ટારર ફિલ્મ 'કનપ્પા' પણ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ બંને ફિલ્મોને લઈને ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે. જો આપણે 'નિકિતા રોય'ની વાત કરીએ તો, ન તો આ ફિલ્મનું પ્રમોશન થયું છે અને ન તો આ ફિલ્મ દર્શકોમાં કોઈ ઓળખ બનાવી શકી છે. આવી સ્થિતિમાં, ફિલ્મ 'નિકિતા રોય'ના નિર્માતાઓએ આ બંને ફિલ્મોના દર્શકો વચ્ચે ફસાઈ ન જાય તે માટે નવી તારીખ પસંદ કરી છે.

ફિલ્મ 'નિકિતા રોય'નું દિગ્દર્શન કુશ એસ. સિન્હા દ્વારા કરવામાં આવ્યું છે, જે સોનાક્ષી સિન્હાના ભાઈ છે. તે આ ફિલ્મ દ્વારા દિગ્દર્શનમાં ડેબ્યૂ કરી રહ્યા છે. આ ઉપરાંત, આ ફિલ્મમાં પરેશ રાવલ, અર્જુન રામપાલ અને સુહેલ નૈયર પણ મુખ્ય ભૂમિકામાં છે.

હરિયાણા સરકારની જાહેરાત

# જે અગ્નિવીર વીરતા પુરસ્કાર જીતશે તેને બે કરોડનું ઈનામ આપીશું

## યુદ્ધ, આતંકવાદીઓ સામેની કાર્યવાહી અથવા ફરજ દરમિયાન મૃત્યુ પામનાર અગ્નિવીરોના આશ્રિતોને ૧ કરોડ રૂપિયા અપાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ચંદીગઢ, તા.૨૮**

હવે હરિયાણામાં સેના, વાયુસેના અને નૌકાદળના જવાનો અધિકારીઓ મુજબ વીરતા પુરસ્કાર વિજેતા અગ્નિવીરોને પણ ૨ કરોડ રૂપિયા સુધીનો કેશ એવોર્ડ આપવામાં આવશે. આ ઉપરાંત યુદ્ધ, આતંકવાદીઓ સામેની કાર્યવાહી અથવા ફરજ દરમિયાન મૃત્યુ પામનાર અગ્નિવીરોના આશ્રિતોને ૧ કરોડ રૂપિયા આપવામાં આવશે. લશ્કરી અને અર્ધલશ્કરી કલ્યાણ વિભાગ દ્વારા વીરતા પુરસ્કાર વિજેતા અગ્નિવીરોને કેશ એવોર્ડ પુરસ્કાર અને યુદ્ધમાં શહીદ થયેલા લોકોના આશ્રિતોને અનુદાન આપવાના આદેશો જારી કરવામાં આવ્યો છે. આ આદેશો આ વર્ષે ૧૭ જૂનથી લાગુ કરી દેવામાં આવશે.

આ સાથે પરમવીર ચક્ર વિજેતાને ૨ કરોડ રૂપિયા, મહાવીર ચક્ર વિજેતાને ૧ કરોડ રૂપિયા અને વીર ચક્ર વિજેતાને ૫૦ લાખ રૂપિયા મળશે. એજ પ્રમાણે સેના, નૌકાદળ અને વાયુસેનાના ચંદ્રક વિજેતાઓને ૨૧ લાખ રૂપિયા અને મેન્શન ઈન ડિસ્પેચ (શૌર્ય) ચંદ્રક વિજેતાને ૧૦ લાખ રૂપિયા આપવામાં આવશે.

શાંતિકાલિન વીરતા પુરસ્કારોની શ્રેણીમાં અશોક ચક્ર માટે ૧ કરોડ, કીર્તિ ચક્ર માટે ૫૧ લાખ, શૌર્ય ચક્ર મળવા પર ૩૧ લાખ રુપિયા આપવામાં આવશે. સેના, નૌકાદળ અને વાયુદળ મેડલ વિજેતાને ૧૦ લાખ રુપિયા અને મેન્શન ઈન ડિસ્પેચ (વીરતા) એવોર્ડ માટે ૭.૫ લાખ રૂપિયા આપવામાં આવશે. શાંતિ કાળના વિશિષ્ટ/ કર્તવ્ય પ્રતિ સમર્પણ પુરસ્કાર વિજેતાઓ મામલે સેના, નૌકાદળ, વાયુદળ મેડલ વિજેતા તથા રાષ્ટ્રીય કોસ્ટ ગાર્ડ મેડલ માટે ૧.૭૫ લાખ રુપિયા અને કોસ્ટ ગાર્ડ મેડલ પર ૧.૫૦ લાખ કેશ એવોર્ડ મળશે. આ ઉપરાંત મુખ્ય વાત એ છે કે, વીરતા પુરસ્કાર વિજેતા અગ્નિવીરને જો ફરી કોઈ પુરસ્કાર મળે છે તો તેને એ શ્રેણીનો કેશ એવોર્ડ ફરીથી આપવામાં આવશે. જો કે, આ પુરસ્કાર માટે કોઈ અન્ય રાજ્ય તરફ અનુદાન જાહેર કરવામાં આવ્યું હોય તો, તેવા કિસ્સામાં હરિયાણા સરકાર ફરી કેશ એવોર્ડ નહી આપે. હરિયાણા મૂળના દરેક અગ્નિવીર કેશ એવોર્ડના પાત્ર રહેશે, પછી ભલે તે કોઈ પણ રાજ્યના કેમ ન હોય. મરણોત્તર પુરસ્કારો અને યુદ્ધમાં જાનહાનિના કિસ્સામાં આશ્રિતોમાં કોઈ વિવાદ ન થાય તે માટે રોકડ પુરસ્કાર નજીકના સંબંધીઓમાં નિશ્ચિત રકમમાં વહેંચવામાં આવશે.

પાટીદાર ચિંતન શિબિર બાદ નવા આંદોલનની શક્યતા

# ૨૦૧૫ના અનામત આંદોલન બાદ EWS મુદ્દે ફરી ઉગ્ર ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૨૮**



ગુજરાતની રાજનીતિમાં આગામી સમયમાં મોટા ફેરફારોના સંકેત આપતી એક મહત્વપૂર્ણ ઘટના આજે ગાંધીનગર ખાતે બની. પાટીદાર સમાજના યુવાઓની ચિંતન શિબિરમાં સૌથી મુખ્ય મુદ્દો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં EWS (આર્થિક રીતે નબળા વર્ગ) અનામતનો રહ્યો. આ બેઠકમાં OBC, SC અને ST સમુદાયની જેમ EWS માં આવતા લોકોને પણ રાજકારણમાં અનામત મળે તેવી પ્રબળ માંગણી ઉઠી છે.

વર્ષ ૨૦૧૫ માં પાટીદારોને અનામત મળે તે માટે થયેલા આંદોલન બાદ ગુજરાતમાં EWS નો જન્મ થયો હતો, જેના કારણે સવર્ણ સમાજને અભ્યાસ અને નોકરીઓમાં ૧૦ ટકા અનામત લાગુ કરવામાં આવી. હવે પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS) અને સરદાર પટેલ ગ્રુપ (SPG) બંને સંસ્થાઓના આગેવાનો દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પણ ઈઉજી અનામતની માંગણી કરવામાં આવી છે. આ માંગણી સાથે ગુજરાતનો સવર્ણ સમાજ વધુ એક આંદોલન કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. પાટીદાર યુવા નેતા અલ્પેશ કથીરિયાએ આ અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, "દરેક જગ્યાએ આર્થિક રીતે નબળા લોકોને અનામત મળતી હોય તો સ્થાનિક ચૂંટણીમાં પણ મળવી જોઈએ." તેમણે ઉમેર્યું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઈઉજી અનામત અંગે વિવિધ સમાજની માંગણી છે અને કોર્ટમાં પણ ઈઉજી અનામત માટે પીટીશન થયેલી છે. આ નિવેદન દર્શાવે છે કે આ મુદ્દો માત્ર પાટીદાર સમાજ પૂરતો સીમિત નથી, પરંતુ અન્ય સવર્ણ સમાજોનો પણ તેને ટેકો છે.

આજની ચિંતન શિબિરમાં EWS અનામત ઉપરાંત અનેક સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પાટીદાર સમાજની દીકરીઓના ભાગીને લગ્ન કરવાના મુદ્દા, પાટીદાર યુવાઓ ઓનલાઈન ગેમિંગ અને સટ્ટામાં ન ઘેરાય તે માટેના ઉપાયો, ગોંડલ અને દૂધસાગર ડેરી સંબંધિત બનાવો, તેમજ સમાજની સામાજિક અને રાજકીય સુરક્ષા જેવા વિષયોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કર્યા બાદ, આગેવાનો દ્વારા કયા મુદ્દે કેવી રીતે આગળ વધવું તેની રણનીતિ નક્કી કરવામાં આવશે. આ શિબિર પાટીદાર સમાજના ભવિષ્ય માટે એક મહત્વપૂર્ણ દિશા નિર્ધારિત કરી શકે છે અને આગામી સમયમાં ગુજરાતની રાજનીતિમાં તેના પડઘા જોવા મળી શકે છે.

# પદ્મશ્રીથી સન્માનિત સન્યાસી પર બળાત્કારનો આરોપ લાગ્યો

## મહારાજે નોકરીની લાલચ આપીને પહેલા તેની સાથે છેતરપિંડી કરી અને પછી જબરદસ્તી શારીરિક સંબંધ બાંધ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુર્શિદાબાદ, તા.૨૮**

ભારત સેવાશ્રમ સંઘ સાથે જોડાયેલા પદ્મશ્રી સન્માનિત કર્તિક મહારાજ પર એક મહિલાનએ ગંભીર આરોપ લગાવ્યા છે. મહિલાએ આરોપ લગાવ્યો છે કે, મહારાજે નોકરીની લાલચ આપીને પહેલા તેની સાથે છેતરપિંડી કરી અને પછી જબરદસ્તી શારીરિક સંબંધ બાંધ્યા હતા. સમગ્ર મામલે મુર્શિદાબાદ જિલ્લાના નબગ્રામ પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરવામાં આવી છે, ત્યારે પોલીસે તપાસ શરૂ કરી છે.

પદ્મશ્રી સન્માનિત સન્યાસી કર્તિક મહારાજ પર એક મહિલાએ દુષ્કર્મનો આરોપ લગાવ્યો છે. આ મામલે મહિલાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૩માં મર્શિદાબાદ સ્થિત એક આશ્રમની પ્રાથમિક શાળામાં નોકરી આપવાનું બાનું આપીને કર્તિક મહારાજ લઈ ગયા હતા. જેમાં મહિલાને શિક્ષકમાં નિયુક્તિ કરવામાં આવી અને આશ્રમ પરિસરમાં રહેવા માટે એક રૂમ પણ આપ્યો હતો.

મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, એક દિવસ કર્તિક મહારાજ તેના રૂમમાં આવીને શારીરિક સંબંધ બાંધવાની વાત કરી હતી. જ્યારે મહિલાનો દાવો છે કે, તેને મહારાજની વાત પર વિરોધ કર્યો તો તેને માનસિક દબાણ અને ડર બતાવીને સંબંધ બનાવવા માટે મજબૂર કરી હતી.

સમગ્ર મામલે પોલીસે જણાવ્યું હતું કે, નબગ્રામ પોલીસ સ્ટેશને મહિલાની ફરિયાદ નોંધી છે. આરોપી કર્તિક મહારાજ ભારત સેવાશ્રમ સંઘના બેલડાંગા મઠ સાથે સંકળાયેલા છે. ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તપાસ શરૂ કરી છે અને પીડિતાનું નિવેદન નોંધવામાં આવ્યું છે. તબીબી તપાસ સહિત અન્ય કાનૂની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી છે.

જ્યારે આ મામલે કર્તિક મહારાજે પોતાના પર લાગેલા આરોપીને નકાર્યા છે. તેમનું કહેવું છે કે, હું એક સન્યાસી છે અને સન્યાસીના માર્ગમાં આ પ્રકારની મુશ્કેલી આવતી રહે છે. હું ન્યાયતંત્રનું સન્માન કરુ છું અને મારા વકીલ દ્વારા કોર્ટમાં કાનૂની પક્ષ રજૂ કરાશે.

તમને જણાવી દઈએ કે, કાર્તિક મહારાજના રાજકીય જોડાણ પણ આ મામલાને વધુ જટિલ બનાવે છે. તેમને ભારતીય જનતા પાર્ટીના નજીકના માનવામાં આવે છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી તેમના પર પહેલા પણ ઘણી વખત ભાજપને મદદ કરવાનો આરોપ લગાવી ચૂક્યા છે. એમાં પણ ખાસ કરીને ચૂંટણીની સ્થિતિમાં. એટલે આ સમગ્ર ઘટનાને માત્ર કાનૂની જ નહીં પરંતુ રાજકીય દ્રષ્ટિકોણથી પણ જોવામાં આવી રહી છે. હાલમાં ભારત સેવાશ્રમ સંઘ દ્વારા આ મામલે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# જામનગરમાં ટ્રક ચાલકે કારને ઠોકરે ચડાવતાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**જામનગર,તા.૨૮**

જામનગરમાં બેડી બંદર રોડ- પંડિત નહેરુ માર્ગ પર સેન્ટ આન્સ સ્કૂલ પાસે જ આજે સ્કૂલ છૂટવાના સમયેજ એક ટ્રક ચાલકે વિદ્યાર્થીને લેવા માટે આવેલા પરિવારની કારને ઠોકરે ચડાવતાં ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

સદભાગ્યે કોઈ જાન હાની થઈ ન હતી, પરંતુ સ્કૂલ છૂટવાનો સમય હોવાથી ઉપરોક્ત સ્થળે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો, અને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં દેકારો બોલી ગયો હતો. જામનગરના પંડિત નહેરુ માર્ગ પર દિવસ દરમિયાન ભારે વાહનોની અવરજવર માટેનો પ્રતિબંધ છે, અને તે માટેનું વિશેષ જાહેરનામું પણ અમલમાં છે. પરંતુ તંત્ર દ્વારા તેની કોઈ અમલવારી કરાવાતી ન હોય, તેમ સરેઆમ નિયમોનો ઉલાળીયો કરીને હેવી ટ્રક ચાલકો બેભામ ગતિએ આવતા હોય છે, જેના કારણે અનેક લોકોના જીવ તાળવે ચોંટી જાય છે. આવા હેવી વાહન ચાલકો સામે તંત્રએ આકરા પગલાં લેવા જોઈએ તેવી લોક માંગણી ઉઠી છે.

# ભુવાએ સબંધ બાંધવાથી રોગ દૂર થશે કહી સગીરાને ગર્ભવતી બનાવી

## ઠગ ભુવાની કામલીલા પ્રકાશમાં આવતા જ આ ઠગ ભુવાની તેમજ તેની મદદ કરનાર મહિલાની ધરપકડ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૨૮**

આજના આધુનિક યુગમાં પણ વહેમ અને અંધશ્રદ્ધા આજે પણ યથાવત રહી છે અને આવી અંધશ્રદ્ધાની આડમાં કેટલાક બની બેઠેલા ઠગભગતો તેમજ ભુવાઓ માસુમોનો લાભ લેવાનું ચુકતા નથી.

આવી જ એક ગંભીર ઘટના સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં સામે આવી છે. જોકે ઠગ ભુવાની કામલીલા પ્રકાશમાં આવતા જ આ ઠગ ભુવાની તેમજ તેની મદદ કરનાર મહિલાની પોલીસે ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, આ ગંભીર ઘટના બારડોલી તાલુકા વાઘેચા ગામેની છે, જ્યાં પીના હળપતિ નામની એક મહિલાને હાજરી આવતી હતી. દરમિયાન વાઘેચા ગામે જ સ્મશાન ભૂમિ નજીક રહેતા અને માતાજીના નામે ધાગા-પીંછી નાખતા મોહન મંગુભાઈ હળપતિ નામના ભુવાની પણ ગામમાં ખૂબ ચર્ચા હતી. જેથી પીના હળપતિએ, હાજરી ઉતારવા માટે ભુવા પાસે જવું છે એવું કહીને પાડોશમાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને ભુવા પાસે પહોંચી હતી. જે બાદ આખી ઘટના શરુ થઈ.

પાડોશમાં રહેલી મહિલા પીના હળપતિએ આ સગીરાની ભુવા મોહન હળપતિ સાથે ઓળખાણ કરાવી, જેને જોતા જ ભુવાની સગીરા પર દાનત બગડી હતી અને તેને હવસનો શિકાર બનાવવાનું વિચાર્યું હતું. બીજી કરફ પીના હળપતિએ ૧૬ વર્ષીય સગીરાને જણાવ્યું હતું કે, આ ભુવા સાથે સંબંધ બાંધવાથી શરીરના તમામ રોગો દૂર થઈ જશે. આવી લાલચ આપીને માસૂમનું શોષણ કરવાનું શરુ કર્યું હતું. આ પાડોશી મહિલાની મિલીભગતથી આ ઠગ ભૂવો સગીરાને અવાર નવાર સ્મશાન નજીક આવેલની અવાવરુ જગ્યાએ લઈ જતો અને બળજબરીથી શરીર સંબંધ બાંધતો હતો. જોકે પાંચ મહિના બાદ સગીરા ગર્ભવતી હોવાનું જાણ થતા આખો મામલો પ્રકાશમાં આવ્યો છે. સગીરા ગર્ભવતી હોવાની જાણ સૌપ્રથમ તેની માતાને થઈ હતી, જે બાદ તેણે પરિવાર સાથે બારડોલી ગ્રામ્ય પોલીસનો સંપર્ક કર્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસે લંપટ ભુવા મોહન ઉર્ફે મહેશ મંગો હળપતિ અને પાડોશી પીનાબેન ભીખાભાઈ હળપતિને ગણતરીના કલાકોમાં જ પકડી પાડ્યા હતા. પોલીસે હાલ આ મામલે બંને વિરુદ્ધ પોક્સો એક્ટ તેમજ વિવિધ પ્રકારની કાયદાકીય કલમો લગાવી ગુનો દાખલ કર્યો છે અને વધું તપાસ હાથ ધરી છે એમ બારડોલી DySP એચ. એલ. રાઠોડે જણાવ્યું હતું.

# રાજકોટમાં સરકારી જમીન પર ૩૦૦ જેટલા પ્લોટ બનાવી બારોબાર વેચી નાખ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ, તા.૨૮**

રાજકોટ જિલ્લાના મહિકા ગામમાં ચાર એકર જેટલી સરકારી જમીન ઉપર ૩૦૦ જેટલા પ્લોટ બનાવી બારોબાર વેચી નાંખી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો સ્થાનિકોએ આરોપ લગાવ્યો છે. પાંચ મહિના પહેલા કલેક્ટર તંત્ર દ્વારા શિવમ પાર્ક રેસીડેન્સીના રહીશોને મકાનના કાગળો રજૂ કરવા નોટિસો ફટકારવામાં આવી હતી. બિલ્ડર તેમજ તેના મળતીયાઓ દ્વારા સૂચિત સોસાયટીના નામે સરકારી અઢી એકર જગ્યાને ૩૦ કરોડમાં વેંચી કૌભાંડ આચર્યું હોવાનું સામે આવ્યું છે.

૨૦૧૧-૧૨માં બિલ્ડર મુકેશ પટેલે આ જગ્યા વેંચી હોવાનું સામે આવ્યું છે જોકે કોરોના કાળમાં બિલ્ડર મુકેશ પટેલનો મૃત્યુ થયું હોવાથી તેના ભાગીદાર ભુપત ટાંક પણ સરકારી જમીન પર બાંધકામ કરી વેંચતા રહ્યા હોવાનું સામે આવ્યું છે. ૩૦ કરોડ રૂપિયાની કિંમતની સરકારી જમીન ઉપર શિવમ પાર્ક નામની રેસીડેન્સી ઉભી કરી દેવામાં આવી છે. મહિકા ગ્રામ પંચાયત દ્વારા પાણી તેમજ ભૂગર્ભના કનેક્શનનો પણ આપી દેવામાં આવ્યા છે અને ૨૦૧૨ થી ટેક્સ પણ વસુલ કરવામાં આવી રહ્યો છે. ત્યારે પાંચ મહિના પહેલા રાજકોટ તાલુકા મામલતદારને જાણ થતા સમગ્ર મામલે તપાસ કરાવી હતી. જેમાં સૂચિતના પ્લોટના સર્વે નંબર બતાવી અને સરકારી જમીન પર મકાનો બનાવી વેંચી દેવામાં આવ્યું હોવાનું ખુલ્યું હતું. જેથી તાલુકા મામલતદારે ૩૦૦ જેટલા મકાનોને નોટિસ ફટકારી ખરીદ કરેલા મકાનોના કાગળ રજૂ કરવા આદેશ કર્યો હતો. ત્યારે એક દાયકા કરતાં થી વધુ સમયથી અહીંયા વસવાટ કરનારા રહીશોને નોટિસો મળતા હોબાળો મચી ગયો છે. ત્યારે સ્થાનિકોએ મુકેશ પટેલ, ભુપત ટાંક સહિતના વ્યક્તિઓ દ્વારા કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

નર્મદા જિલ્લામાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ

# ઝરવાણી ગામે ખાડી પાર કરવા માટે લોકોએ થાંભલા ગોઠવ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નર્મદા, તા.૨૮**

કેન્દ્ર સરકાર દ્વારા નર્મદા જિલ્લાને એસ્પિરેશનલ જાહેર કરાયેલો છે. આ જિલ્લામાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરોડોના વિકાસના કામો ફાળવવામાં આવે છે. જોકે, આદિવાસી વિસ્તારમાં રહેતા આદિવાસીઓને તો મૂળભૂત સુવિધાઓથી પણ વંચિત રાખવામાં આવી રહ્યા છે. ચોમસાની સિઝનમાં તો આદિવાસીઓએ એક વિસ્તારથી બીજા વિસ્તારમાં જવા માટે પણ જીવનું જોખમ લેવું પડે છે. કારણ કે, અહીં પાકા રસ્તાઓનો અભાવ છે.

નર્મદા જિલ્લાના ગરુડેસ્વર તાલુકાના ઝરવાણી ગામે વસવાટ કરતાં આદિવાસીઓ ચોમાસાની સિઝન માં જીવના જોખમે ગામમાંથી વહેતી ખાડી ઉપરથી અવર જવર કર રહ્યા છે. ખાડીમાં અચાનક પાણીનો પ્રવાહ વધે તો પાણીના પ્રવાહમાં વહીને જીવ પણ ગુમાવવો પડી શકે છે. તેમ છતાં લોકો જીવના જોખમે ખાડી ઓળંગીને અવર-જવર કરતા હોય છે.

ઝરવાણી ગામના દેડકા ફળિયાથી મેળા ફળિયા વચ્ચે વહેતી ખાડી ચોમાસાની સિઝનમાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરતી હોય છે. એવામાં ત્યાંથી પસાર થવા માટે ગામના લોકોએ કામચલાઉ ધોરણે જાતે જ વ્યવસ્થા ઊભી કરી છે. જેમાં તેમણે ભેગા મળીને ખાડી ઉપરના ધોધ પાસે બંને સાઈડ કવર કરીને વીજ થાંભલા ગોઠવ્યા છે અને જીવના જોખમે ગ્રામજનો આ થાંભલા પરથી અવર જવર કરી રહ્યા છે. નોંધનીય છે કે, જ્યારે-જ્યારે ચૂંટણી આવે ત્યારે નેતાઓથી માંડીને તમામ રાજકીય પાર્ટીઓને આદિવાસી અને આદિવાસીઓનો વિકાસ યાદ આવી જાય છે. પરંતુ, આઝાદીના આટલા વર્ષો છતાં હજુ આ લોકોને પાયાની મૂળભૂત સુવિધા પૂરી નથી પાડી શકતા. ક્યારેક આ લોકોએ વરસાદમાં જીવના જોખમે મુસાફરી કરવી પડે છે તો ક્યારેક બીમાર અને પ્રસૂતાને ઝોળીમાં નાંખીને હોસ્પિટલ લઈ જવી પડે છે. તેમ છતાં સરકાર કે તંત્રની આ લોકો પ્રત્યે સહાનુભૂતિ દેખાતી નથી.

# બુલેટ ટ્રેન માટે વડોદરા નજીક ટ્રેક સ્લેબ નાખવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા ,તા.૨૮**

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે વડોદરા નજીક ટ્રેક સ્લેબ નાખવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે, જેમાં અદ્યતન મશીનોનો ઉપયોગ કરીને પ્રીકાસ્ટ સ્લેબને ચોકસાઈ સાથે મૂકવામાં આવી રહ્યા છે.

ભારતના પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરની લંબાઈ ૫૦૮ કિલોમીટર છે, તે મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યો વચ્ચે ઝડપી મુસાફરી પ્રદાન કરશે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૧,૦૮,૦૦૦ કરોડ (૧૭ અબજ ડોલર) છે. આ પ્રોજેક્ટમાં સૌ પ્રથમ વખત જાપાનીઝ શિંકનસેન ટ્રેક તકનિક પર આધારિત બેલાસ્ટલેસ ટ્રેકની જે-સ્લેબ ટ્રેક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રેલ ફીડર કાર, ટ્રેક સ્લેબ પાથરવાની કાર, સીએએમ લેઈંગ કાર અને ફ્લેશ બટ્ટ વેલ્ડિંગ મશીન જેવા મશીનોના કાફલાનો ઉપયોગ વડે ટ્રેક નિર્માણ કાર્ય ચાલી રહ્યુ છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કોરીડોરમાં વડોદરા નજીક હાલ ટ્રેક સ્લેબ નાખવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે,

જેમાં અદ્યતન મશીનોનો ઉપયોગ કરીને પ્રીકાસ્ટ સ્લેબને ચોકસાઈ સાથે મૂકવામાં આવી રહ્યા છે. પ્રીકાસ્ટ ટ્રેક સ્લેબો વાયડક્ટ પર ઉઠાવીને ખાસ ડિઝાઈન કરેલા એસએલસીમાં લોડ કરી ટ્રેક પાથરવાની કામગીરી થઈ રહી છે.


tifr HBCSE

**હોમી ભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન**

**ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ**

**ઈન્ડિયન ઓલિમ્પિયાડ ક્વોલિફાયર ઈન મેથેમેટિક્સ (IOQM) ૨૦૨૫-૨૬**

ઈન્ડિયન નેશનલ મેથેમેટિકલ ઓલિમ્પિયાડ (INMO) ૨૦૨૬માં ભાગ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓએ ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ગણિતમાં ભારતીય ઓલિમ્પિયાડ ક્વોલિફાયર પરીક્ષા (IOQM) માટે હાજર રહેવું આવશ્યક છે. IOQMમાં ક્વોલિફાયર થવું એ ૨૦૨૬ ના ઈન્ટરનેશનલ મેથેમેટિકલ ઓલિમ્પિયાડ (IMO) અને યુરોપિયન ગર્લ્સ મેથેમેટિકલ ઓલિમ્પિયાડ (EGMO) ૨૦૨૭માં ભારતીય ટીમના સત્તાવાર સભ્ય તરીકે ભાગ લેવા તરફનું પ્રથમ પગલું છે.

વધુ વિગતો અને નોંધણી માટે લિંક: https://olympiads.hbcse.tifr.res.in અને https://www.mtai.org.in/

નોંધણી સંબંધિત કેન્દ્રો પર સીધી કરી શકાય છે. વૈકલ્પિક રીતે, નોંધણી ૧ જુલાઈ ૨૦૨૫ થી https://ioqmexam.in/ પર ઓનલાઈન કરી શકાય છે. **છેલ્લી તારીખ: ૨૬ જુલાઈ ૨૦૨૫.**

cbc 48143/12/0003/2526


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

### ગામમાં પ્રોટેક્શન વોલનું કામ અધુરું રહ્યું

# વલસાડના દાંતી ગામમાં દરિયાના પાણી ઘૂસ્યા




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ,તા. ૨૮**

વલસાડ તાલુકાના દરિયા કિનારે આવેલ દાંતી ગામે પ્રોટેકશન વોલના અભાવે નષ્ટ થવાના આરા પર છે, અધૂરા કામોં પૂર્ણ કરવા ગામ લોકો માગ કરી રહ્યાં છે, વર્ષોથી દરિયાઈ તાકાત સામે પોતાના અસ્તિત્વની લડત લડતું દાંતી ગામમાં પ્રોટેકશન વોલ તો બનાવાઈ પરંતુ કામ અધુરું રહેતા ચોમાસા દરમિયાન દરિયાના પાણી ગામમાં ઘુસી ગયા છે.

ગામમાં દરિયાના પાણી ઘુસ્તા ગામ નષ્ટ થવાને આરે છે ત્યારે સ્થાનિક ધારાસભ્ય, મંત્રીઓ અને સાંસદ સભ્યની રજૂઆતને લઈ ૩૫ કરોડના ખર્ચે નવી ૧૫૦૦ મીટરની પ્રોટકેશન વોલનું કામ ચાલુ છે જેમાં વધુ ૩૦૦ મીટરની પ્રોટેકશન વોલનું અધૂરું કામ ને લઈ દરિયો ગામમાં ઘુસી રહ્યો છે, જેને લઈ બનેલી પ્રોટેકશન પણ ધોવાઈ શકે છે જેથી અધૂરું કામ પૂર્ણ થાય ગામનું અસ્તિત્વ ટકે તેવી સ્થાનિકોની માંગ છે.

વલસાડ તાલુકાનું દાંતી ગામ વર્ષોથી દર વર્ષે ચોમાસામાં દરિયાના મહાકાય મોજા ગામને નષ્ટ કરતા જાય છે અને નુકસાન પોહચાડતા જાય છે

ત્યારે છેલ્લા ઘણા વર્ષોમાં સ્થાનિક ધારાસભ્ય ભરત પટેલ અને સાંસદ ધવલ પટેલ તેમજ નાણા મંત્રી કનું દેસાઈની રજૂઆતને પગલે સરકાર દ્વારા ૩૫ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી ૧૨૦૦ મીટર લાંબી દરિયાની પ્રોટેક્સન વોલની મંજૂરી આપી છે, જેનું કામ ચાલી રહ્યું છે પરંતુ જે મુખ્યત્વે દરિયાનું પાણી ગામમાં ઘૂસે છે.

૩૦૦ મીટર જેટલા પ્રોટેકશન વોલના અધૂરા કામ ને લઈને ગામ દરિયા ગરકાવ થવાની ભીતિ સર્જાઈ રહી છે, જૂની પ્રોટેક્શન વોલનું ધોવાણ થતા સ્થાનિકો દ્વારા નવી પ્રોટકેશન વોલ માટે રજૂઆત કરવા છતાં કામગીરી ન થતા ગામ પર ખતરો મંડરાઈ રહ્યો છે, ગામના ૨ ભાગ થઈ જવાની ભીતિ સર્જાઈ રહી છે, દરિયો આગળ આવશે તો ૨૦૦૦થી વધુ લોકોને અસર થશે, અગાઉના વર્ષોમાં ઘણા પરિવારો ગામ છોડી જતા રહ્યા છે ત્યારે સ્થાનિકો દ્વારા જલ્દીથી જલ્દી પ્રોટેકશન વોલનું કામ કરવામાં આવે તેવી કરાઈ રહી છે માંગ, દર વર્ષે સર્જાતી સમસ્યાના કારણે ગ્રામજનોમાં રોષ લાગણી જોકે આ બાબતે સ્થાનિક ધારાસભ્ય એ પણ જણાવ્યું કે ૩૦૦ મીટરની વોલનું પણ ટેન્ડરિંગ થઇ ગયું છે જે પણ કામગીરી પૂર્ણ કરવામાં આવશે જેથી ગામનું સંપૂર્ણ ધોવાણ અટકશે.

### વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો

# નવસારીમાં રમતાં-રમતાં બાળક કાર નીચે આવી ગયું, ચમત્કારિક બચાવ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવસારી,તા. ૨૮**

રામ રાખે તેને કોણ ચાખે' કહેવત ફરી એક વખત સાર્થક થઈ છે. કેમ કે, ગુજરાતના નવસારીમાં બનેલી અકસ્માતની ઘટનાના સીસીટીવી સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યા છે. જેમાં રમી રહેલું બાળક કારની નીચે આવી ગયું હતું. આખી ભારેભરખમ ગાડી માસૂમ બાળક પર ચઢી ગઈ હતી. શ્વાસ અદ્ધર કરી દેતાં આ સીસીટીવીમાં જોતાં રાહતનો શ્વાસ ત્યારે આવે છે જ્યારે જોવા મળે છે કે બાળક સહીસલામત હતો. બાળકના ચમત્કારી બચાવના સીસીટીવી ફૂટેજ વાયરલ થઈ રહ્યા છે.

નવસારીના ગણદેવીમાં ૩ વર્ષનું બાળક રમતાં-રમતાં આંગણા પાસે પહોંચી ગયું હતું. વરસાદી માહોલમાં તે સમયે એક કાર પ્રવેશી હતી અને બાળક કાર નીચે આવી ગયું હતું.

જોકે, તે જ સમયે એક મહિલા ઘરમાંથી બહાર આવતા તેની નજર પડી હતી અને બુમાબુમ કરી હતી. જે બાદ કારચાલકે કાર રોકી દીધી હતી. બુમાબુમ થતા પરિવારના સભ્યો દોડતા આવી જાય છે. કાર નીચેથી બાળકને સલામત રીતે બહાર કાઢવામાં આવે છે. બાળક બે ટાયરની વચ્ચેના ભાગમાં આવી ગયો હતો.

અકસ્માતની આ ઘટનામાં જરૂર બાળકનો ચમત્કારિક બચાવ થયો છે, પરંતુ માતા-પિતાએ આ વાતને ખૂબ જ ગંભીરતાથી લેવાની જરૂર છે. પોતાના બાળકનું ખૂબ ધ્યાન રાખવાની જરૂર છે. બાળક રમતું હોય ત્યારે ખાસ તેનું ધ્યાન રાખવાની જરૂર છે. કેમ કે, અગાઉ આવી ઘણી ઘટનાઓ સામે આવી ચૂકી છે. જેમાં આવી રીતે જ રમતા રમતા બાળક કારની નીચે કચડાઈ ગયો હતો. નવસારીના વાયરલ થઈ રહેલા સીસીટીવી આપણને સાવચેત પણ કરી રહ્યા છે.

# રાજ્યમાં આગામી ૬ દિવસ ભારે વરસાદની આગાહી



**રાજ્યમાં વરસાદ લાવતી બેથી વધુ સિસ્ટમ સક્રિય હોવાથી રાજ્યમાં ચોમાસાએ જમાવટ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા. ૨૮**

ગુજરાતમાં જોરદાર ચોમાસું જામ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી લગભગ સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. બંગાળની ખાડીમાં લોપ્રેશર એરિયા બન્યું છે. જે આગળ વધતા ગુજરાતમાં તેની સારી અસર થશે. જે રાજ્યમાં વરસાદ લાવશે. રાજ્ય પર વરસાદ લાવતી હાલ ત્રણ સિસ્ટમ એક્ટિવ છે. જેમાં પાકિસ્તાનની પાસે સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. તો બંગાળની ખાડીમાં લો પ્રેશન એરિયા સર્જાયો છે અને તો એક ટ્રફ રેખા ગુજરાત પરથી પસાર થઇ રહી છે. જેના કારણે ગુજરાતમાં સારો વરસાદ વરસી રહ્યો છે.

આ સિસ્ટમના કારણે ગુજરાતમાં વરસાદનું જોર વધશે. નોંધનિય છે કે, આવતી કાલથી સૌરાષ્ટ્રમાં પવનની ગતિમાં પણ ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઇ શકે છે. ગુજરાતમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદનું અનુમાન છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદનું જોર વધશે અને બંને ઝોનના કેટલાક જિલ્લામાં ભારેથી અતિભારિ વરસાદનું અનુમાન છે. આ સિવાય દક્ષિણ ગુજરાત અને પૂર્વ ગુજરાતમાં પણ વરસાદનું અનુમાન છે. મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ઓછું રહેશે.

આગામી ૬ દિવસ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું અનુમાન છે. કચ્છમાં આજે ભારે વરસાદનું એલર્ટ અપાયું છે. , પાટણ મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, અમદાવાદમાં ભારે નહિ પરંતુ મધ્યમ વરસાદનું અનુમાન છે. અરવલ્લી મહિસાગરમાં ભારે વરસાદની આગાહી છે. ખેડા,પંચમહાલ, આણંદ, વડોદરા, ભરૂચ, છોટાઉદેપરુ, નર્મદા આ વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ટૂંકમાં કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારે વરસાદનું અનુમાન છે. આજે ૪ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. કચ્છ, દ્વારકા, જામનગર, બનાસકાંઠામાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. પોરબંદર, રાજકોટ, જૂનાગઢમાં પણ આજે વરસાદનું યલો એલર્ટ અપાયું છે. ગીર સોમનાથ, પાટણ, સાબરકાંઠામાં વરસાદની આગાહી કરાઇ છે. નવસારી અને વલસાડમાં પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દમણ, દાદરા અને નગરહવેલીમાં પણ યલો એલર્ટ અપાયું છે. ભારે વરસાદને લઈને માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના અપાઇ છે. આજે ચાર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છ, દ્વારકા, જામનગર, બનાસકાંઠામાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. પોરબંદર, રાજકોટ, જૂનાગઢમાં આજે યલો એલર્ટ અપાયુંછે. ગીરસોમનાથ, પાટણ, સાબરકાંઠામાં આજે મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. નવસારી અને વલસાડમાં પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દમણ, દાદરા અને નગરહવેલીમાં પણ વરસાદનું યલો એલર્ટ અપાયું છે.

# ગાંધીનગરની હાલત જોઈ ગુસ્સે થયા અમિત શાહ!

**ગુજરાતના પાટનગર ગાંધીનગરના હાલ બેહાલ થયા છે અમિત શાહે સ્થિતિ નિહાળતા અધિકારીઓનો ઉધડો લીધો**





(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા. ૨૮**

ગાંધીનગર કોર્પોરેશનની કામગીરીથી ગૃહમંત્રી અમિત શાહ બરાબરના નારાજ થયા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અધિકારીઓનો ઉધડો લીધો હતો. તેમજ તેમણે બેઠકમાં અધિકારીઓને ફટકાર લગાવી હતી. ગાંધીનગર મહાનગર પાલિકાની કામગીરીથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નારાજ થયા છે. ગઈ કાલે દિશાની બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે GMC ના પદાધિકારીઓ અને અધિકારીઓનો ઉધડો લીધો હતો. પરિણામે અમિત શાહની ફટકાર બાદ આજે રજાના દિવસે પણ GMC ના પદાધિકારીઓ અને અધિકારીઓની બેઠક બોલાવાઈ છે. આ બેઠક માટે ગૃહરાજ્યમંત્રી અને પ્રભારી મંત્રી હર્ષ સંઘવી GMC પહોંચ્યા. તેઓ GMC ના અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક કરશે. આ બેઠકમાં GMC ના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડીગ કમિટી ચેરમેન, મ્યુન્સીપલ કમિશ્નર, ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશ્નર સહિત ના પદાધિકારી-અધિકારીઓ હાજર રહ્યાં છે. વરસાદ બાદ ગાંધીનગરમા ભરાયેલ પાણી અને મનપાની હલકી ગુણવતાની કામગીરી અંગે અમિત શાહે નારાજગી વ્યક્ત કરી હતી. મહાનગરપાલિકાના અધિકારી-પદાધિકારીઓનો ક્લાસ લીધો હતો. જેથી GMC ના લેવાયેલા ક્લાસ બાદ તાબડતોડ બેઠક બોલાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે ગાંધીનગર ખાતે દિશાની બેઠકમાં હાજરી આપી હતી. ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે દિશાની બેઠકનું આયોજન કરાયું હતુ. દિશા એ ડિસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કોર્ડીનેશન એન્ડ મોનેટરીંગ કમિટી છે જે જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરે છે.

ગઈકાલે જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિમા ગાંધીનગર જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરાઈ હતી. ગાંધીનગરના સાંસદ તરીકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં બેઠક મળી તી. જેમાં ગાંધીનગર જિલ્લાના સાંસદો, ધારાસભ્યો, ચૂંટાયેલ પ્રતિનિધિઓ અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. ગાંધીનગર જિલ્લા સ્તરે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની પ્રગતિ અંગે સમીક્ષા કરાઈ હતી.

# ૨૪ કલાકમાં ગુજરાતના ૧૭૧ તાલુકામાં વરસાદ

**વરસતાં ખેતરો જળમગ્ન બન્યા છે અને અનેક નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઇ જતાં જનજીવન પ્રભાવિત**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા. ૨૮**

૨૪ કલાકમાં રાજયના ૧૭૧ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સોથી વધુ દ્વારકાના કલ્યાણપુરમાં ૩ ઈંચ વરસાદ વરસતાં ખેતરો જળમગ્ન બન્યા છે અને અનેક નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઇ જતાં જનજીવન પ્રભાવિત થયું છે. ૨૪ કલાકમાં કચ્છના માંડવીમાં અઢીં ઈંચ વરસાદ વરસ્યો છે. ૨૪ કલાકમાં કચ્છના નખત્રાણામાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. ૨૪ કલાકમાં વલસાડના પારડીમાં બે ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો સરેરાશ ૨૯.૮૯ ટકા વરસાદ વરસી ચુક્યો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધ ૩૨.૧૭ ટકા વરસાદ વરસી ચુક્યો છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૩૧.૩૦ ટકા વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્ર ઝોનમાં ૩૧.૨૫ ટકા, કચ્છમાં ૨૬.૧૬ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૨૧.૯૧ ટકા વરસાદ વરસી ચુક્યો છે..રાજયમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધુ સિઝનનો અત્યાર સુધી ૪૯.૧ ટકા વરસાદ ખાબકી ચુક્યો છે.

ગુજરાતમાં જોરદાર ચોમાસું જામ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી લગભગ સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. બંગાળની ખાડીમાં લોપ્રેશર એરિયા બન્યું છે. જે આગળ વધતા ગુજરાતમાં તેની સારી અસર થશે. જે રાજ્યમાં વરસાદ લાવશે. રાજ્ય પર વરસાદ લાવતી હાલ ત્રણ સિસ્ટમ એક્ટિવ છે. જેમાં પાકિસ્તાનની પાસે સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. તો બંગાળની ખાડીમાં લો પ્રેશન એરિયા સર્જાયો છે અને તો એક ટ્રફ રેખા ગુજરાત પરથી પસાર થઇ રહી છે. જેના કારણે ગુજરાતમાં સારો વરસાદ વરસી રહ્યો છે. આ સિસ્ટમના કારણે ગુજરાતમાં વરસાદનું જોર વધશે. નોંધનિય છે કે, આવતી કાલથી સૌરાષ્ટ્રમાં પવનની ગતિમાં પણ ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઇ શકે છે. ગુજરાતમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદનું અનુમાન છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદનું જોર વધશે અને બંને ઝોનના કેટલાક જિલ્લામાં ભારેથી અતિભારિ વરસાદનું અનુમાન છે. આ સિવાય દક્ષિણ ગુજરાત અને પૂર્વ ગુજરાતમાં પણ વરસાદનું અનુમાન છે. મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ઓછું રહેશે.

# સુમુલ ડેરી ફરી વિવાદમાં: દૂધ મંડળીઓના દંડ મામલે પ્રમુખ-ઉપપ્રમુખ સામસામે




**સુમુલ સાથે જોડાયેલી કેટલીક દૂધ મંડળીના પ્રમુખોએ ડેરીમાં ગેરવહિવટ ચાલી રહ્યો હોવાનો ગંભીર આરોપ મુક્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા. ૨૮**

સુરતની સુમુલ દૂધ મંડળી ફરી એક વખત વિવાદમાં આવી છે. સુમુલ ડેરી વહીવટને લઈને વિવાદનો સામનો કરી રહી છે. વહીવટ મામલે ડેરીના સંચાલકો પર ગેરરીતિના આક્ષેપ થયા હતા. સુમુલ સાથે જોડાયેલી કેટલીક દૂધ મંડળીના પ્રમુખોએ ડેરીમાં ગેરવહિવટ ચાલી રહ્યો હોવાનો ગંભીર આરોપ મુક્યો હતો. જેના બાદ તાજેતરમાં ફરી એક વખત સુમુલ દૂધ મંડળી ફરી વિવાદમાં જોવા મળી.સુમુલ ડેરીના માનસિંગ પટેલ અને રાજુ પાઠક ગ્રુપ સામસામે આવ્યા છે. બહારથી દૂધ લાવી સુમુલમાં પધરાવતા વિવાદને લઈને દૂધ મંડળીઓને ૩.૨૫ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ડેરીમાં સામેલ ૨૫ મંડળીઓ પર બહારથી દૂધ લાવવાનો આક્ષેપ હતો. આ મામલામાં ઉપપ્રમુખે MD પર હાથ ઉગામતા ફરિયાદ દાખલ થતા વિવાદ સામે આવ્યો હતો. દરમિયાન ફટકારવામાં આવેલ દંડ માફ કરવાને લઈને ઉગ્ર ચર્ચા થતા ઉપપ્રમુખ ઉશ્કેરાયા. ડેરીમાં મંડળીઓને ફટાકરવામાં આવેલ દંડમાં ઉગ્ર ચર્ચા દરમિયાન પ્રમુખ માનસિંગ પટેલ અને ઉપ પ્રમુખ રાજુ પાઠક ગ્રુપ આમને સામને આવી ગયા હતા. અને વાત જો વધુ વકરતો તો મહેસાણા ડેરીમાં લાફા કાંડ બાદ સુરતની સુમુલ ડેરીમાં પણ લાફા વાળી જોવા મળત.

બહારથી દૂધ લાવી સુમુલમાં પધરાવતા વિવાદ મુદ્દે સુમુલના ઉપપ્રમુખ રાજુ પાઠકે અગાઉ MD પર હાથ ઉગામતા સચિવને ફરિયાદ કરવામાં આવી હતી. ઉપપ્રમુખનો આક્ષેપ છે કે સુમુલમાં વિવાદનો વંટોળ ઊભો થાય એટલે પ્રમુખ ભૂગર્ભમાં ઊતરી જાય છે. સુમુલ વહીવટી તંત્ર એ બહારથી દૂધ લાવી પધરાવતી મંડળીઓને ૩.૨૫ કરોડનો દંડ ફટકાર્યો હતો. ત્યારે દંડ માફ કરવાની ચર્ચા વખતે ઉશ્કેરાયેલા ઉપપ્રમુખ રાજુ પાઠકની હરકતથી ત્યાં હાજર સૌકોઈ દંગ રહી ગયા હતા. સુરત અને તાપી જિલ્લાના માંગરોળ, કામરેજ, મહુવા, નિઝર, કુકરમુંડા, ઉચ્છલ, સોનગઢ અને વ્યારાની ૨૫ મંડળીઓ બહારથી દૂધ લાવી સુમુલ ડેરીમાં પધરાવતી હોવાનું રંગેહાથ ઝડપાયું હતું. અન્ય જિલ્લા કે રાજ્યમાંથી દૂધ લાવી ચિલિંગ પ્લાન્ટમાં સંગ્રહ કરીને સવાર અથવા સાંજના સમયે એડજસ્ટમેન્ટ કરીને નહીં નોંધાયેલા મંડળો અને દૂધ ખરીદ કેન્દ્રો મારફતે ઠંડું દૂધ સુમુલ ડેરીને પધરાવતી ૨૫ મંડળીઓને ૩.૨૫ કરોડ રૂપિયાનો દંડ ફટકારાયો છે. મંડળીઓને મસમોટો દંડ ફટકારાતા કેટલાક ડિરેક્ટરોના પેટમાં તેલ રેડાયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ કરી રહેલા અધિકારીની વધી સુરક્ષા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા. ૨૮**

અમદાવાદમાં વિમાન દુર્ઘટના બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. આને ધ્યાનમાં રાખીને ગૃહ મંત્રાલયે એક મોટો નિર્ણય લીધો છે. જેમાં દેશની વિમાન દુર્ઘટનાઓની તપાસ કરતી એજન્સી એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ના ચીફને ‘X કેટેગરી’ની CRPF સુરક્ષા આપવામાં આવી છે. આનો મતલબ એ છે કે હવે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (AAIB)ના ચીફની સુરક્ષા માટે કેન્દ્રીય દળના જવાનો તૈનાત રહેશે. આ નિર્ણય વિમાન સુરક્ષાની તપાસ પ્રક્રિયા અને અધિકારીઓની સુરક્ષાને મજબૂત કરવા માટે લેવામાં આવ્યો છે.

આપને જણાવી દઈએ કે, અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસમાં હવે સંયુક્ત રાષ્ટ્રની એવિએશન સંસ્થા ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન (ICAO)ના એક એક્સપર્ટને સામેલ કરવામાં આવ્યા છે. ભારતે ICAOના એક્સપર્ટને તપાસમાં નિરીક્ષક (ઓબ્ઝર્વર) તરીકે સામેલ કરવાની મંજૂરી આપી દીધી છે. દુર્ઘટનાના બીજા જ દિવસે એટલે કે ૧૩ જૂનના રોજ ભારતના એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ તપાસ શરૂ કરી હતી. ૧૨ જૂન ૨૦૨૫ના રોજ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક ખાતે એક ભયાનક વિમાન દુર્ઘટના ઘટી હતી, જેણે સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171, જે અમદાવાદથી લંડનના ગેટવિક એરપોર્ટ જઈ રહી હતી, તે ટેકઓફ થયાની થોડી જ સેકન્ડોમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી.